નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date 27 DECEMBER 2024 | FRIDAY | Page :8 | Year : 2 | Issue :226 | Price: 2/-





થર્ટીફર્સ્ટ પહેલા શહેર પોલીસ સજ્જ : થર્ટીફર્સ્ટના આયોજનોમાં ખાનગી ડ્રેસમાં ચેકિંગ કરશે

જુઓ પેજ નં.૪

# દેશભરમાં શોક

# પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું 92 વર્ષની વયે નિધન



## દેશમાં રહેશે ૭ દિવસનો રાષ્ટ્રીય શોક, તમામ સરકારી કાર્યક્રમ રદ

પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડૉ.મનમોહન સિંહનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. આજે (૨૬ ડિસેમ્બર) તેમની તબીયત લથડી હતી, ત્યારબાદ તુરંત દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન નિધન થયું છે. દિવંગત ડૉ. મનમોહન સિંહના પરિવારજનો હોસ્પિટલમાં હાજર છે. જ્યારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કર્ણાટકના બેલગામથી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ નેતા અને વાયનાડ બેઠક પરના સાંસદ પ્રિયંકા ગાંધી સહિતના નેતાઓ હોસ્પિટલ પહોંચી ગયા છે. વડાપ્રધાન મોદી પણ એમ્સ જશે. તો કોંગ્રેસ, ભાજપ, આપના નેતાઓ શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. દેશમાં શોકની લહેર પ્રસરી છે. કોંગ્રેસે આવતીકાલના તમામ કાર્યક્રમ રદ કર્યા. એઈમ્સની આસપાસની સુરક્ષામાં વધારો કરાયો.

કોંગ્રેસ, ભાજપ, આપના નેતાઓ શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. ત્યારે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન પર ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વડાપ્રધાન મોદી, અમિત શાહ, જે.પી.નડ્ડા, મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી, અખિલેશ યાદવ, ચંદ્રાબાબુ નાયડૂ, કિરેન રિજીજૂ, મહેબૂબા મુફ્તિ, ભૂપિન્દર સિંહ હુડ્ડા, સલમાન ખુર્શીદ, મમતા બેનર્જી, આતિશી, કેજરીવાલ, રાજનાથ સિંહ, સી.આર. પાટીલ, ભુપેન્દ્ર પટેલ, અશ્વિની વૈષ્ણવ, માયાવતી, યોગી આદિત્યનાથ, હેમંત સોરેન, પિનારાઈ વિજયન, નવીન પટનાયક, અજિત પવાર, સ્મૃતિ ઈરાની, નીતિન ગડકરી, શરદ પવાર, સુખબીર બાદલ, જયરામ રમેશ, સચિન પાયલટ, પી ચિદંબરમ, તેજસ્વી યાદવ, નીતિશ કુમાર સહિતના નેતાઓએ શ્રદ્ધાંજલિ પાઠવીને દુઃખ વ્યક્ત કર્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આવતીકાલે થનારા તમામ સરકારી કાર્યક્રમ રદ રહેશે. ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર. કાલે સવારે ૧૧ વાગ્યે કેબિનેટની બેઠક યોજાશે. ડૉ. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર રાજકીય સન્માન સાથે કરાશે.₹બીજીતરફ કર્ણાટકના બેલગામમાં આવતીકાલે કોંગ્રેસની રેલી યોજાવાની હતી, જોકે મનમોહન સિંહના નિધન બાદ આ રેલી રદ કરવામાં આવી છે. આ ઉપરાંત પાર્ટીએ તેના અનેક કાર્યક્રમો રદ કરી દીધા છે.પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું નિધન થયું છે. દિલ્હી તરફથી એક સ્ટેટમેન્ટ જાહેર કરાયું છે. જેમાં કહેવાયું છે કે, અત્યંત દુઃખ સાથે અમે ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉક્ટર મનમોહન સિંહના ૯૨ વર્ષની ઉંમરે નિધનની માહિતી આપી રહ્યા છીએ. ઉંમર સંબંધિત બીમારીઓના કારણે તેમની સારવાર ચાલી રહી હતી. તેઓ ૨૬ ડિસેમ્બર ૨૦૨૪એ ઘર પર અચાનક બેભાન થઈ ગયા હતા. ઘર પર જ તેમણે હોશમાં લાવવાના પ્રયાસ કર્યા. તેમણે રાત્રે ૮૦૬ વાગ્યે દિલ્હી ના મેડિકલ ઇમરજન્સીમાં લવાયા હતા. તમામ પ્રયાસો છતાં તેમને બચાવી ન શકાયા અને રાત્રે ૯૫૧ વાગ્યે તેમનું નિધન થઈ ગયું.

### મનમોહન સિંહને વડાપ્રધાને મોદીએ આપી શ્રદ્ધાંજલિ

પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રદ્ધાંજલિ આપી છે. તેમણે કહ્યું કે, 'ભારત પોતાના સૌથી પ્રતિષ્ઠિત નેતાઓમાંથી એક ડૉક્ટર મનમોહન સિંહજીના નિધન પર શોખમાં છે. સાધારણ પૃષ્ઠભૂમિથી ઉભરીને તેઓ એક પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી બન્યા. તેઓ નાણામંત્રી સહિત વિવિધ સરકારી હોદ્દા પર રહ્યા અને વર્ષો સુધી આપણી આર્થિક નીતિ પર ઊંડી છાપ છોડી. સંસદમાં તેમના હસ્તક્ષેપ પણ ખૂબ વ્યવહારુ હતા. આપણા વડાપ્રધાન તરીકે, તેમણે લોકોના જીવનને સુધારવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ડૉ. મનમોહન સિંહજી અને હું ત્યારે નિયમિત રીતે વાત કરતા હતા જ્યારે તેઓ વડાપ્રધાન હતા અને હું ગુજરાતનો મુખ્યમંત્રી હતો. અમે શાસનને લગતા વિવિધ વિષયો પર ઊંડી ચર્ચા કરતા હતા. તેમની બુદ્ધિમત્તા અને નમ્રતા હંમેશા જોવા મળતી હતી. ડૉ. મનમોહન સિંહ જીના પરિવાર, તેમના અસંખ્ય ચાહકોની સાથે મારી સંવેદના છે. ઓમ શાંતિ.'

### રાહુલ ગાંધીએ દુઃખ વ્યક્ત કર્યું

મનમોહન સિંહજીએ અપાર વિદ્વતા અને અખંડિતતા સાથે ભારતનું નેતૃત્વ કર્યું. તેમની નમ્રતા અને અર્થશાસ્ત્રની ઊંડી સમજથી રાષ્ટ્રને પ્રેરણા મળી. શ્રીમતી કૌર અને પરિવાર પ્રત્યે મારી દિલથી સંવેદના. મેં એક માર્ગદર્શક ગુમાવ્યા છે. આપણામાંના લાખો લોકો જેમણે તેમની પ્રશંસા કરી છે તેઓ તેમને ખૂબ જ ગર્વ સાથે યાદ કરશે.



તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ડિજિટલ એરેસ્ટની ધમકી



૨૦૨૪ના વર્ષ દરમ્યાન સાયબર ફ્રોડ કરનારાઓએ આતંક મચાવ્યો હતો. ૨૦૨૪માં ઓનલાઇન છેતરપીંડી, હેકીંગ અને ડિજિટલ એરેસ્ટ જેવી ઘટનાઓથી લોકો ખરેખર ડરી ગયા હતા. સિનિયર સિટીઝનોને ટાર્ગેટ બનાવીને તેમના જીવનની મૂડી ખંખેરી લેનારા ડિજિટલ ગુનેગારો વિવિધ ટ્રિક્સ અજમાવે છે. સાયબર પોલીસ પણ ગોથાં ખાય એવી તેમની છેતરપીંડી કરવાની પદ્ધતિ હોય છે.

આ વર્ષે હજારો લોકો ઓનલાઈન ફ્રોડનો ભોગ બન્યા હતા. એક રિપોર્ટ અનુસાર, ૨૦૨૪માં ભારતીયોએ સાયબર ફ્રોડમાં ૧૧,૩૩૩ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. શેરબજારમાં વધુ કમાણી કરાવી આપવાની લોલીપોપ બતાવીને છેતરામણી કરી હોય તેવી ૨,૨૮,૦૯૪ ફરિયાદો નોંધાઇ છે. શેરબજારમાં રોકાણ કરવાનું પ્રલોભન આપીને લોકોના ૪,૬૩૬ કરોડ રૂપિયા ખંખેરી લેવામાં આવ્યા છે. અન્ય ક્ષેત્રે રોકાણ કરવાના લાલચ આપવાના ૧,૦૦,૩૬૦ કેસ નોંધાયા છે અને કુલ ૩૨૧૬ કરોડ રૂપિયા ખેંચી લેવાયા છે.

સ્ટોક ટ્રેડિંગ સ્કેમ તો ખુલેઆમ ચાલતું હોય છે. સોશિયલ નેટવર્ક પર આજે પણ રોતોરાત પૈસાદાર બની જવાની સ્કીમ બતાવવામાં આવે છે. આ કૌભાંડકારો પોતાની જાળમાં ફસાઈ જનારાઓના મનમાં રહેલી લાલચને ઓળખી જઈને તેમને વધુ રોકાણ કરવા લલચાવતા રહે છે.

માત્ર નાનાં શહેરો જ નહીં, પણ મેટ્રો સિટીના નાગરિકો પણ આંખ મીંચીને ભરોસો કરવા લાગે છે. જેમણે આખ મીંચીંને ભરોસો કરે છે તેમના ખિસ્સાં કાપી લેવાય છે અને એમનું બેંક બેલેન્સ ઝીરો કરી દેવાય છે. ૨૦૨૪માં સાયબર ફ્રોડની કુલ ૧૨ લાખ જેટલી ફરિયાદો આવી હતી. તે પૈકીની ૪૫ ટકા ફરિયાદોમાં તો ગુનેગારો કોલમ્બિયા, મ્યાનમાર અને લાઓસ જેવા દક્ષિણ એશિયાઇ દેશોમાં બેઠા હતા.

સિટીઝન ફાયનાન્શિયલ સાયબર ફ્રોડ રિપોર્ટીંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ ના ડેટા અનુસાર, ૨૦૨૧માં આ એજન્સીની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૩૦ લાખ જેટલી ફરિયાદો થઈ છે, અને આ કિસ્સાઓમાં લોકોને કુલ ૨૭,૯૧૪ કરોડનો ફટકો પડયો છે. ૨૦૨૩માં ૧૧,૩૧,૨૨૧ ફરિયાદો, ૨૦૨૨માં ૫,૧૪,૭૪૧ અને ૨૦૨૧માં ૧,૩૫,૨૪૨ ફરિયાદો નોંધાઈ હતી.

કલ્પના કરો કે સંસ્થાની સ્થાપનાની શરૂઆતમાં ૧,૩૫,૨૪૨ ફરિયાદો હતી, જયારે ૨૦૨૪ના અંત સુધીમાં આ આંકડો વધીને ૧૧,૩૧,૨૨૧ પર પહોંચી ગયો છે. વડાપ્રધાને 'મન કી બાત'ના ૧૧૫મા એપિસોડમાં સ્પષ્ટપણે કહેવું પડયું હતું કે કોઇ પણ તપાસ સંસ્થાના અધિકારી ડાઈરેક્ટ કોઇની સાથે કેસ સંબંધિત વાત કરતા નથી. જો કોઈનો આ પ્રકારનો ફોન આવે તો ડરવું નહીં અને કોઈની ધમકીઓને વશ થવું નહીં. વડાપ્રધાને જોકે લોકોને ચેતતા રહેવાની સલાહ આપવામાં બહુ મોડું કરી દીધું છે. અનેક લોકોના બેન્ક બેલન્સ ખાલી થયા પછી તેમણે સલાહ આપી છે. હકીકત એ છે કે દેશમાં સૌ કોઈ કંઈ 'મન કી વાત' સાંભળતા નથી. તેથી વડાપ્રધાન દ્વારા અપાયેલો લોકજાગૃતિનો આ મેસેજથી બહુ લોકો સુધી પહોંચ્યો નથી. એટલે જ વડાપ્રધાનની સૂચના પછી પણ ડિજિટલ એરેસ્ટની ઘટનાઓ ચાલુ રહી છે. ભારતના લોકોએ ડિજીટલ એરેસ્ટમાં ૧૨૦ કરોડ ગુમાવ્યા પછી વડાપ્રધાને કેટલીક સ્પષ્ટતાઓ કરી હતી. હકીકતે ડિજિટલ એરેસ્ટની ધમકી આપતા લોકો અને તેમના મળતિયાઓને શોધવાની જરૂર છે. ડિજિટલ ક્ષેત્રે ફાઇવ-જી સુધી આપણે પહોંચ્યા છીએ ને સિક્સ-જીનું પરીક્ષણ ચાલી રહ્યું છે.

# પ્રયાગરાજમાં મહાકુંભમાં જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ત્રિસ્તરીય તપાસ બાદ જ પ્રવેશ

## પીલીભીતમાં ૩ ખાલીસ્તાની આતંકી ઠાર થયા બાદ પન્નુએ મહાકુંભને ટાર્ગેટ બનાવવાની ધમકી આપી છે મેળામાં પ્રવેશ દરમિયાન દરેક પર નજર રખાશે



પ્રયાગરાજ તા.૨૬

શિખ ફોર જસ્ટિસ પ્રમુખ તેમજ ખાલિસ્તાન સમર્થક આતંકી ગુટપતવંતસિંહ પન્નુએ પીલીભીતમાં થયેલા એન્કાઉન્ટરમાં ત્રણ ખાલિસ્તાની આતંકીઓ ઠાર થયા બાદ મહાકુંભમાં બદલો લેવાની ધમકી આપી છે. તેની ધમકી બાદ મહાકુંભની સુરક્ષાને લઈને હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

મહાકુંભમાં ત્રિસ્તરીય ચેકીંગ બાદ પ્રવેશ મળશે. સુરક્ષા એજન્સીઓની સાથે સાથે ગુપ્તચર વિભાગ પણ સક્રિય બની ગયો છે. શહેરમાં તકેદારી વધારી દેવાઈ છે. પોલીસ દરેક શંકાસ્પદ પર નજર રાખી રહી છે. મહાકુંભમાં સુરક્ષાને અભેદ બનાવવા માટે ત્રિસ્તરીય ચેકીંગની વ્યવસ્થા રહેશે. જિલ્લાની સીમમાં આવનારા વાહનો અને વ્યકિતઓની પ્રથમ તબકકામાં તપાસ થશે ત્યાર બાદ મેળા ક્ષેત્રમાં પ્રવેશ દરમિયાન દરેક વ્યકિત પર નજર રહેશે. આ સાથે જ મેલા ક્ષેત્રમાં એ આઈ કેમેરાની મદદથી રેકગ્નિશનથી શંકાસ્પદ વ્યકિત સ્કેન કરવામાં આવશે. બે દિવસની મુલાકાતે આવેલા એડીજી લો એન્ડ ઓર્ડર અમિતાભ યશે પણ વ્યાપક સુરક્ષા વ્યવસ્થાની વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે એસટીએફ, એટીએસ અને અન્ય એજન્સીઓ પૂરી રીતે સતર્ક છે.

જયારે ટુંક સમયમાં જ મેળા ડયુટીમાં ૨૧૮ આઈપીએસ અધિકારીઓની તૈનાત રહેશે. જલ, થળ, અને વાયુ સુરક્ષામાં બોટ અને વાયુ સેનાના હેલીકોપ્ટર તૈનાત કરી દેવાયા છે.

ઉતરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદીત્યનાથે આપેલા સુત્ર બટેંગે તો કટેંગેપછી હવે પ્રયાગરાજમાં મહાકુંભનાં અવસરે ડરેંગે તો મરેંગે લખેલા હોર્ડીંગ લાગ્યા છે. આ હોર્ડીંગ જગદગુરૂ રામનંદાચાર્ય નરેન્દ્રચાર્ય દ્વારા લગાવવામાં આવ્યા છે,. જેમાં તેમની પોતાની તસ્વીર પણ છે.

આતંકી પન્નુનાં મહાકુંભને ટાર્ગેટ બનાવવાના નિવેદન પર અખિલ ભારતીય અખાડા પરિષદ અને મનસાદેવી ટ્રસ્ટનાં અધ્યક્ષ મહંત રવિન્દ્ર પુરીએ મોટુ નિવેદન કર્યુ છે. તેમણે કહ્યું હતું કે પન્નુ માનસીક રોગી છે. જે આવુ નિવેદન આપી રહ્યો છે. જો તે મહાકુંભમાં આવ્યો તો સંતો તેને ફૂટબોલ બનાવીને રમશે.

# બિહારમાં ફરી નવા-જૂનીના એંધાણ! નીતિશ કુમાર પર ભાજપ નેતાઓના નિવેદનથી હલચલ તેજ



ગૃહમંત્રી અમિત શાહ અને બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિન્હાના નિવેદનોને કારણે બિહારમાં ફરી રાજકીય ગરમાવો શરુ થઈ ગયો છે. જેડીયુના પ્રમુખ અને રાજ્યના મુખ્યમંત્રી નીતિશ કુમારની આગેવાની હેઠળની માં આંતરિક ડખા શરુ થઈ ગયા છે. રાજ્યના જાણીતા નેતાઓ નિવેદનબાજી કરી રહ્યા છે, જોકે તેમના જ નેતાઓ તેમને સમર્થન આપી રહ્યા નથી. બિહાર વિધાનસભા ચૂંટણીને હજી ઘણો સમય બાકી છે, જો કે તે પહેલાં જ નીતિશની જેડીયુ અને ભાજપ એકબીજા પર શાબ્દિક પ્રહારો અને કટાક્ષો કરી રહ્યા છે. એક તરફ નીતિશ કુમાર અમિત શાહના નિવેદનશી નારાજ છે, તો બીજી તરફ ભાજપે બિહારમાં ભાજપ સરકાર જ અસલી ને સાચી હોવાનો પ્રચાર કર્યો છે. આ સાથે ભાજપ નેતા વિજય કુમારે જેડીયુ પર આડકતરી રીતે નિશાન સાધી બિહારમાં ભાજપ સરકાર બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમણે કાર્યકર્તાઓને કહ્યું કે, જ્યાં સુધી આપણી સરકાર નહીં બને, ત્યાં સુધી મનમાં લાગેલી આગ શાંત નહીં થાય, તેથી આપણે એક થઈને જોશ સાથે આ મિશનને પૂરું કરવા સંપૂર્ણ તાકાત લગાવી જોઈએ. ભાજપની સરકાર બનશે, ત્યારે જ મન શાંત થશે. અટલજીનું સ્વપન ત્યારે જ સાકાર થશે, જ્યારે બિહારમાં ભારતીય જનતા પાર્ટીની પોતાની સરકાર બનશે.

# ચાલુ માસમાં પણ ચણા - તુવેરદાળની રામાયણ જૈસે થે જ રહેવા પામી!

## તુવેરદાળ તો આવી જ નહી...અને ચણા માત્ર ૫૦ ટકા જ અપાતા રાજયનાં ૩૭ લાખ લાભાર્થીઓ વંચિત રહ્યા દેકારો યથાવત



રાજકોટ,તા.૨૬

ચાલુ માસ દરમ્યાન પણ રાજકોટ સહિત રાજયભરનાં લાખો રેશનકાર્ડ ધારકો સરકારી ચણા આવડતનો ભોગ બન્યાં હતા.અને ચણા તથા તુવેરદાળથી વંચિત રહ્યા હતાં. અત્રે ઉલ્લેખનિય છે કે ચાલુ માસ દરમ્યાન રાજય પૂરવઠા વિભાગે માત્ર ૫૦-ટકા જ ચણાનો જથ્થો વેપારીઓને ફાળવ્યો હતો.

આથી ૩૭ લાખ જેટલા લાભાર્થીઓ ચણાનાં જથ્થાથી વંચિત રહેવા પામ્યા હતાં.નોંધનિય બાબતએ પણ છે કે છેલ્લા છ માસ કરતા વધુ સમયથી સરકારે તુવેરદાળ ફાળવી જ નથી અને ચાલુ ખાસમાં પણ અપાઈ હતી આથી ચાલુ માસમાં પણ લાખો લાભાર્થીઓ તુવેરદાળથી વંચિત રહેવા પામ્યા હતાં.

રાજયની ૧૭૦૦૦ સસ્તા અનાજની દુકાનોમાં ડિસેમ્બર ૨૦૨૪ નાં મહિના માટે રાજ્ય સરકારની કલ્યાણકારી યોજના મારફત ગરીબ જનતાને આપવામાં આવતી વિવિધ જણસીઓમાં તુવેરદાળ અને ચણાની ફક્ત ૫૦% જ ફાળવણી કરવામાં આવી હતી.જેના પરિણામે ગુજરાત રાજયના ૭૫ લાખ ૨૬ હજાર ૧૨૩ રાશનકાર્ડ ધારકો માંથી અડધો અડધ રાશનકાર્ડ ધારકો તુવેરદાળ અને ચણા જેવી જણસીઓથી આ વખતે પણ રહેલ રહેશે.

આ ફક્ત ડિસેમ્બર ૨૦૨૪ ના માસ માટે જ નથી લગભગ છેલ્લા ત્રણ વર્ષથી આ સિલસિલો ચાલતો આવે છે કોઈક મહિનો તુવેરદાળ તો કોઈક મહિનો ખાંડ તો કોઈક મહિનો ચણા જેવી વિવિધ જણસીઓથી રાશનકાર્ડ ધારકો ને વંચિત રહેવું પડે છે દર પેહલી તારીખે રાજય સરકાર દ્વારા મળવાપાત્ર જણસીઓની જાહેરાત કરતી હોય છે.

પરંતુ એ મુજબનો જથ્થો રાજ્ય સરકારના પુરવઠા ગોડાઉન, સસ્તા અનાજની દુકાને, કે આ વિવિધ જણસીઓના સપ્લાયરો પાસે પણ હોતી નથી. પરિણામે આવી જાહેરાતો વાંચીને રાશનકાર્ડ ધારકો સસ્તા અનાજની દુકાન ખાતે ધસારો કરીને વિવિધ જણસીઓની માંગણી કરતા હોય છે સસ્તા અનાજની દુકાન ખાતે અપુરતા જથ્થાની ફાળવણી થયેલ હોવાના કારણે સસ્તા અનાજના દુકાનદારો આ રાશનકાર્ડ ધારકોની માંગણી સંતોષી શકતા નથી.

કેટલાક ગ્રાહકોની તીવ્ર માંગણીઓના કારણે સસ્તા અનાજના દુકાનદારો અને રાશનકાર્ડ ધારકો વચ્ચે ઘર્ષણ થાય છે પરિણામે સસ્તા અનાજના દુકાનદારોની ખૂબ જ ખરાબ વલે થાય છે રાજ્ય સરકાર દ્વારા આયોજન વગર સોશિયલ મીડિયા ની એપ્લિકેશનો અને વિવિધ અખબારો દ્વારા કરવામાં આવતી જાહેરાતોના કારણે આવી વિકટ પરિસ્થિતિઓ ઉત્પન્ન થતી હોય છે. તુવેર દાળ, ચણા અને ક્યારેક ખાંડ જેવી વિવિધ જણસીઓને કોઈ મહિના માટે ૫૦% ફાળવણી કરવામાં આવે છે ત્યારે વિતરણના કોઈ ધારા ધોરણો નક્કી કરવામાં આવતા નથી હોતા પરિણામે દુકાનદારો દ્વારા વહેલા તે પહેલા ના ધોરણે આવી જણસીઓનુ વિતરણ કરવામાં આવે છે ત્યારે આ વિવિધ જણસીઓથી વંચિત રહેલા ગ્રાહકોના રોષનો ભોગ સસ્તા અનાજના દુકાનદારો બને છે. ચાલુ માસ દરમ્યાન પણ રાજકોટ સહિત રાજયભરનાં લાખો રેશનકાર્ડ ધારકો સરકારી ચણા આવડતનો ભોગ બન્યાં હતા.અને ચણા તથા તુવેરદાળથી વંચિત રહ્યા હતાં. અત્રે ઉલ્લેખનિય છે કે ચાલુ માસ દરમ્યાન રાજય પૂરવઠા વિભાગે માત્ર ૫૦-ટકા જ ચણાનો જથ્થો વેપારીઓને ફાળવ્યો હતો.

આથી ૩૭ લાખ જેટલા લાભાર્થીઓ ચણાનાં જથ્થાથી વંચિત રહેવા પામ્યા હતાં.નોંધનિય બાબતએ પણ છે કે છેલ્લા છ માસ કરતા વધુ સમયથી સરકારે તુવેરદાળ ફાળવી જ નથી અને ચાલુ ખાસમાં પણ અપાઈ હતી આથી ચાલુ માસમાં પણ લાખો લાભાર્થીઓ તુવેરદાળથી વંચિત રહેવા પામ્યા હતાં.

રાજયની ૧૭૦૦૦ સસ્તા અનાજની દુકાનોમાં ડિસેમ્બર ૨૦૨૪ નાં મહિના માટે રાજ્ય સરકારની કલ્યાણકારી યોજના મારફત ગરીબ જનતાને આપવામાં આવતી વિવિધ જણસીઓમાં તુવેરદાળ અને ચણાની ફક્ત ૫૦% જ ફાળવણી કરવામાં આવી હતી.જેના પરિણામે ગુજરાત રાજયના ૭૫ લાખ ૨૬ હજાર ૧૨૩ રાશનકાર્ડ ધારકો માંથી અડધો અડધ રાશનકાર્ડ ધારકો તુવેરદાળ અને ચણા જેવી જણસીઓથી આ વખતે પણ રહેલ રહેશે.

# સાઈબર ઠગોથી લોકોને એલર્ટ રહેવા ગ્રાહકને ફોનમાં નવી - નવી કોલર ટ્યુન સંભળાશે

## જિયો, એરટેલ, બીએસએનએલ, વીઆઇને કોલર ટ્યુન સંભળાવવા ટેલિકોમ્યુનિકેશન વિભાગનો આદેશ

નવી દિલ્હી, તા. ૨૬

તાજેતરમાં તમે ફોન કોલ્સ દરમિયાન મોટો ફેરફાર જોયો હશે. જ્યારે તમે કોઈને કોલ કરો છો, ત્યારે તમે કદાચ અલગ પ્રકારની કોલર ટ્યુન સાંભળી રહ્યાં છો. આ કોલર ટ્યુન ટકી રહેવા પાછળનું કારણ ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા આપવામાં આવેલ આદેશ છે. હવે , , અને વપરાશકર્તાઓને દર અઠવાડિયે એક નવી કોલર ટ્યુન સાંભળવા મળશે.

ઈન્ટરનેટ અને સ્માર્ટફોનના વપરાશમાં વધારા સાથે તાજેતરના સમયમાં સાયબર છેતરપિંડીના કેસોમાં પણ ઝડપથી વધારો થયો છે. સાયબર ગુનેગારો લોકોને છેતરવા માટે અવનવી રીતો અપનાવી રહ્યા છે. તાજેતરમાં ડિજિટલ ધરપકડના કિસ્સાઓ ઝડપથી પ્રકાશમાં આવ્યા છે.

સાયબર ગુનાઓને રોકવા માટે ટેલિકોમ કંપનીઓથી લઈને સરકાર સુધી સતત નક્કર પગલાં લેવામાં આવી રહ્યા છે. આ પ્રયાસ હેઠળ હવે યુઝર્સ માટે એક નવી કોલર ટ્યુન રજૂ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારના ટેલિકોમ વિભાગ વતી ટેલિકોમ કંપનીઓ , , અને ને તેમના ગ્રાહકો માટે સાયબર ક્રાઈમ અવેરનેસ કોલર ટ્યુન ચલાવવા માટે કહેવામાં આવ્યું છે. વિભાગે ટેલિકોમ કંપનીઓને દિવસમાં ૮-૧૦ વખત આ કોલર ટ્યુન વગાડવા માટે કહ્યું છે.ટેલિકોમ કંપનીઓને આપવામાં આવેલા નિર્દેશોમાં કહેવામાં આવ્યું છે કે આ કોલર ટ્યુન ભારતીય સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટર દ્વારા આપવામાં આવશે. વિભાગ દ્વારા થોડા દિવસ પહેલા જ આ આદેશ જારી કરવામાં આવ્યો છે.ટેલિકોમ કંપનીઓને દર અઠવાડિયે સાયબર ક્રાઈમ સંબંધિત કોલર ટ્યુન આપવામાં આવશે. મતલબ કે તમે દર અઠવાડિયે એક નવી કોલર ટ્યુન સાંભળશો.



# થર્ટીફર્સ્ટ પહેલા શહેર પોલીસ સજજ : થર્ટીફર્સ્ટના આયોજનોમાં ખાનગી ડ્રેસમાં ચેકિંગ કરશે

## શહેરના તમામ સર્કલો પર સઘન ચેકિંગ, પીધેલા પકડાયા તો સીધા લોકઅપમાં : સંવેદન વિસ્તારમાં પેટ્રોલીંગઃ થર્ટીફર્સ્ટ પાર્ટીનું આયોજન કરતા આયોજકો માટે કપરા ચઢાણ, સ્ટ્રકચર સ્ટેબીલીટી, સીકયુરીટી, સીસીટીવી સહિતના તમામ નિયમો પાળવા પડશેઃ : માદક પદાર્થો કે પીધેલા પકડાયા તો કડક કાર્યવાહી કરશે

રાજકોટ તા.૨૬

થર્ટીફર્સ્ટ પહેલા શહેર પોલીસ સજજ બની છે અને શહેરના લીસ્ટેડ બુટલેગરો, પેડલરો, લુખ્ખાઓને પોલીસ મથકે તા.૨૮ના બોલાવી શખ્ત ચેતવણી આપવામાં આવશે કે જો થર્ટી ફર્સ્ટ પહેલા કે બાદમાં દારૂની રેલમછેલ કે કોઈ ટીખળ કરી છે તો પોલીસ તેમની ભાષામાં સમજાવશે. તેમજ ગર્ભીત ચીમકી આપી શહેરનું વાતાવરણ શાંત રાખવા સુચના આપવામાં આવશે તેવું પોલીસ સુત્રોએ જણાવ્યું છે.

ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે થર્ટી ફર્સ્ટના શહેરમાં થતી અલગ અલગ જગ્યાએ ડાન્સ પાર્ટીઓ માટે શહેર પોલીસ સજજ છે. નવા વર્ષની ઉજવણી લોકો શાંતીપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ કરે તે માટે પોલીસની અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે. જે ટીમોને બ્રેથ એનેલાઈઝર, એનડીપીએસની કીટ આપવામા આવી છે જેથી દારૂ અને માદક પદાર્થનું સેવન કરતા શખ્સોને પકડી શકાય.



**થર્ટીફર્સ્ટ માટે પોલીસમાં ચાર આયોજકોની અરજી, એક પણ મંજૂર નહીં**

ઉપરાંત ખાનગી પાર્ટીપ્લોટ કે ફાર્મ હાઉસમાં યોજાતી પાર્ટીઓમાં પોલીસ ખાનગી ડ્રેસમાં નજર રાખશે. ઉપરાંત મહિલાઓને સુરક્ષામાં ખામી ન આવે તે માટે રોમીયો પર સી-ટીમ ખાસ નજર રાખશે.

શહેરની ભાગોળે આવેલ હોટલો અને ફાર્મ હાઉસમાં યોજાતી થર્ટીફર્સ્ટની પાર્ટીઓ માટે આજ સુધી પોલીસમાં માત્ર ૪ આયોજકોએ જ અરજી કરી છે. જેમાંથી હાલ એક પણ મંજૂર કરવામાં આવી નથી. ૨૦૨૪ને અલવીદા કરવા થનગનતા લોકો માટે એક આંચકારૂપ સમાચાર કહી શકાય.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર સરકારની ગાઈડલાઈન મુજબ આયોજકોએ સ્ટ્રકચર સ્ટેબીલીટી, સીકયુરીટી, સીસીટીવી કેમેરા, આયોજકોની વિગત, કલાકારોની વિગત સહિતના નિયમો પાળવા પડશે.

જે નિયમો પૂર્ણ કરેલા આયોજકોને જ મંજૂરી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં ટીઆરપી ગેમ ઝોન આગ કાંડની ઘટના બાદ તંત્ર એલર્ટ મોડમાં આવેલ હોય તેમ જન્માષ્ટમીના મેળામાં ચકડોળની મંજૂરી આપવામાં આવી ન હતી તેમજ નવરાત્રીમાં પણ આયોજકોને છેલ્લે સુધી ગરબા લેવડાવ્યા બાદ મંજૂરી આપી હતી.

### રોમીયોગીરી કરતા લુખ્ખાઓનું આવી બનશેઃ સી-ટીમ તૈયાર

શહેરમાં અનેક સ્થળોએ થર્ટીફર્સ્ટની પાર્ટીઓનું આયોજન થતુ હોય છે ત્યારે મહિલાઓ પણ મોટા પ્રમાણમાં આયોજનમાં સહભાગી બની નવા વર્ષને આવકારવા આયોજનોમાં જતા હોય છે ત્યારે તેમની સુરક્ષા માટે અને રોમીયોગીરી કરતા લુખ્ખાઓ હેરાન ન કરે તે માટે શહેર પોલીસની સી-ટીમ તૈયાર થઈ ગઈ છે અને અલગ અલગ આયોજનોમાં ખાનગી ડ્રેસમાં રોમીયો પર ખાસ નજર રાખશે.

### તા.૨૮ના બુટલેગરો, પેડલરો અને લુખ્ખાઓને પોલીસનું તેડું

થર્ટીફર્સ્ટ પર દારૂની રેલમછેલ, માદક પદાર્થોની સપ્લાય અને શહેરમાં લુખ્ખાઓ બેફામ ન બને તે માટે પોલીસ કટીબધ્ધ બની છે. તે માટે શહેરના લીસ્ટેડ બુટલેગરો, પેડલરો અને હીસ્ટ્રીશીટરોને આગામી તા.૨૮ના બોલાવવામાં આવ્યા છે. અને સાનમાં ગર્ભીત ચીમકી આપવામાં આવશે કે આગામી સમયમાં કોઈપણ જાતની લુખ્ખાગીરી કે નશાનો કારોબાર કરશો તો પોલીસ તેની ભાષામાં સમજાવશે.

# રાજકોટના ભ્રષ્ટ પૂર્વ TPO મનસુખ સાગઠિયાની ૨૩.૧૫ કરોડની મિલકતો ટાંચમાં લેવા ગૃહ વિભાગનો આદેશ

■ **કાયદેસરની આવક કરતા ૬૨૮ ટકા અપ્રમાણસર મિલકત**



રાજકોટ, તા. ૨૬: રાજકોટ મહાનગરપાલિકાના ભ્રષ્ટ પૂર્વ ચીફ ટાઉન પ્લાનર ઓફિસર મનસુખ સાગઠિયા સામે સરકારે લાલ આંખ કરી છે. મનસુખ સાગઠિયા અને તેના પરિવારજનોના નામે વસાવેલી ૨૩.૧૫ કરોડની મિલકત ટાંચમાં લેવા સરકારે આદેશ કર્યો છે. એસીબીની તપાસ દરમિયાન સાગઠિયાએ પોતાની કાયદેસરની આવક કરતા ૬૨૮.૪૨ ટકા વધુ અપ્રમાણસર મિલકત વસાવી હોવાનું સામે આવતા ભ્રષ્ટાચાર અધિનિયમ કલમ હેઠળ તેની ધરપકડ કરવામાં આવી હતી. જે અંગે હાલ તે રાજકોટ મધ્યસ્થ જેલમાં બંધ છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડમાં ગેરકાયદે બાંધકામ તોડી પાડવા અંગે નોટિસ આપ્યા બાદ કોઈ કાર્યવાહી ન કરી પોતાની ફરજ પ્રત્યે બેદરકારી દાખવી હતી જેને લઇ પોલીસે ધરપકડ કર્યા બાદ તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપ ઉઠતા એસીબીએ તપાસમાં ઝંપલાવ્યું હતું અને દરમિયાન મનસુખ સાગઠિયા પાસેથી અપ્રમાણસર મિલ્કત મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



રાજકોટ મનપાના પૂર્વ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ ધનાભાઈ સાગઠિયાએ ફરજ દરમિયાન પોતાના જાહેર સેવક તરીકેના હોદ્દાનો દુરૂપયોગ કરી ગેરકાયદેસર રીતે આવક કરતા વધુ નાણાં મેળવી આશ્રિતોના નામે સ્થાવર/જંગમ મિલકતોમાં રોકાણ કર્યું હોવાનું એસીબીની તપાસમાં સામે આવ્યું હતું. એસીબીની તપાસ દરમિયાન સાગઠિયાની કાયદેસરની કુલ આવક રૂપિયા ૩,૮૬,૮૫,૬૪૭ની સામે પોતાના તથા પોતાના પરિવારજનોના નામે કુલ રૂપિયા ૨૮,૧૭,૯૩,૯૮૧નું સ્થાવર/જંગમ મિલકતમાં રોકાણ ખર્ચ કરી હોવાનું સામે આવ્યું હતું. સાગઠિયાએ પોતાની આવક કરતા ૬૨૮.૪૨ ટકા વધુ એટલે કે કુલ રૂપિયા ૨૪,૩૧,૦૮,૩૩૪નું અપ્રમાણસર સ્થાવર/જંગમ મિલકતોમાં રોકાણ/ખર્ચ પોતાની ફરજ દરમિયાન રોકાણ કરી હોવાનું સામે આવ્યું હતું.

રાજકોટ એસીબી દ્વારા સાગઠિયાએ પોતાનાં તથા પોતાનાં પરિવારજનોનાં નામે વસાવેલી મિલકતો રૂપિયા ૨૩,૧૫,૪૮,૨૫૬ની મિલકત ટાંચમાં લેવા માટે રાજ્ય સરકારના ગૃહ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવી હતી, જે દરખાસ્ત અંગે રાજ્ય સરકારના ગૃહ વિભાગ તરફથી મંજુરી આપવામાં આવતા હવે આરોપીની મિલકતો તાત્કાલિક ટાંચમાં લેવા કાર્યવાહી કરવામાં આવશે.

**સાગઠિયા રાજકોટ મધ્યસ્થ જેલમાં બંધ છે**

રાજકોટ ઝછઙ ગેમઝોનમાં થયેલા અગ્નિકાંડમાં રાજકોટ મનપામાં છેલ્લા ૧૦ વર્ષ કરતા વધુ સમયથી ટાઉન પ્લાનિંગ ઓફિસર તરીકે ફરજ બજાવતા મનસુખ સાગઠિયાનો ટ્રાન્સફર વોરંટ હેઠળ જેલમાંથી કબ્જો મેળવી ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ ટ્વીન ટાવર સ્થિત તેમની ઓફિસમાંથી રોકડ તેમજ સોના ચાંદી અને ડાયમંડના ઘરેણાં મળી કુલ ૧૮ કરોડની વધુ મિલકત મળી આવી હતી.

## આરોપીની વિવિધ મિલકતોની વિગતો


- જય બાબારી પેટ્રોલ પંપ (સોખડા, જિ. રાજકોટ)
- ઈન્ડસ્ટ્રીયલ ગોડાઉન-૩ (સોખડા, જિ. રાજકોટ)
- જય બાબારી પેટ્રોલ પંપ (ગોમટા, તા. ગોંડલ)
- હોટલ અન્ડર કનસ્ટ્રક્શન (ગોમટા, તા. ગોંડલ)
- ફાર્મ હાઉસ (ગોમટા, તા. ગોંડલ)
- ખેતીની જમીન (ગોમટા, તા. ગોંડલ)
- ખેતીની જમીન (ચોરડી, તા. ગોંડલ)
- ઉર્જા ઈન્ડસ્ટ્રીયલમાં ગેસ ગોડાઉન (શાપર તા. કોટડા સાંગાણીમાં)
- બાલાજી ગ્રીનપાર્કમાં પ્લોટ (મોવૈયા તા. પડધરી)
- અનામીકા સોસાયટીમાં અન્ડર કન્સ્ટ્રક્શન બંગલો (રાજકોટ શહેરમાં યુનિવર્સિટી રોડ પર)
- આસ્થા સોસાયટીમાં ટેનામેનટ (રાજકોટ શહેરમાં માધાપર ખાતે)
- સી-૧૭૦૧, એસ્ટર ફ્લેટ (અદાણી શાંતીગ્રામ ટાઉનશીપ, અમદાવાદ)
- બી-૭, ૮૦૨, લા મરીના (અદાણી શાંતીગ્રામ ટાઉનશીપ, અમદાવાદ)
- વાહનો કુલ- ૬

## એસીબીએ ખાનગી ઓફિસમાંથી ૧૮ કરોડથી વધુની વસ્તુઓ કબ્જે કરી

સોના દાગીના તથા બિસ્કિટ આશરે ૨૨ કિલોગ્રામ અંદાજે કિંમત ૧૫ કરોડ
ચાંદીના દાગીના આશરે અઢી કિલોગ્રામ અંદાજે કિંમત ૨ લાખ
ડાયમંડ જ્વેલરી આશરે કિંમત ૮.૫૦ લાખ
રોકડ ચલણી નોટો રૂપિયા ૩,૦૫,૩૩,૫૦૦
જુદા-જુદા દેશોની ચલણી નોટો ભારતીય કિંમત આશરે રૂપિયા ૧,૮૨,૦૦૦
સોનાના પટ્ટાવાળી ઘડિયાળ નંગ-૨ તથા અન્ય કિંમતી ઘડિયાળ નંગ-૬ કિંમત ૧.૦૩ લાખ

# રાજકોટમાં એસઓજીએ વર્ષ દરમિયાન ડ્રગ્સ, ગાંજા, ચરસના ૨૬ કેસો પકડી ૪૩ આરોપીઓની ધરપકડ

## વર્ષ ૨૦૨૪માં ગાંજાના ૧૩ કેસ, અફીણનો ૧ કેસ, મેફેડ્રોનના ૧૦ કેસ, હેરોઇન તેમજ ચરસનો ૧ -૧ કેસ નોંધાયો



એસઓજી શાખાના પીઆઇ એસ. એમ. જાડેજા

રાજકોટ, તા.૨૬

રાજકોટ શહેર એસઓજી શાખાના પીઆઇ એસ. એમ. જાડેજાએ માહિતી આપી હતી કે, રાજકોટમાં એસઓજીએ વર્ષ દરમિયાન ડ્રગ્સ, ગાંજા, ચરસના ૨૬ કેસો પકડી ૪૩ આરોપીઓની ધરપકડ કરી છે. વર્ષ ૨૦૨૪માં ગાંજાના ૧૩ કેસ, અફીણનો ૧ કેસ, મેફેડ્રોનના ૧૦ કેસ, હેરોઇન તેમજ ચરસનો ૧ -૧ કેસ નોંધ્યો છે.

ગઈકાલે ચરસના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા હતા.આરોપીઓ પાસેથી ૩.૯૬ ગ્રામ ચરસનો જથ્થો, બે મોબાઈલ અને રીક્ષા સહિત કુલ ૬.૫૯ લાખનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જેની માહિતી આપવા એસઓજી પીઆઇ સંજયસિંહ એમ. જાડેજાએ પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં તેઓએ જણાવેલ કે, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડિશનલ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર એસઓજી ટીમ દ્વારા વર્ષ ૨૦૨૪માં ગાંજાના ૧૩ કેસ, મેફેડ્રોનના ૧૦ કેસ, હેરોઇન, અફીણ તેમજ ચરસનો ૧ -૧ કેસ પકડી લેવામાં આવ્યો હતો.

આમ વર્ષ દરમિયાન એનડીપીએસના કુલ ૨૬ કેસોમાં ૪૩ આરોપીઓને ઝડપી લેવાયા હતા. કુલ ૪૫,૨૭,૫૩૩ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. પીઆઇએ જણાવ્યું કે, આ કેસોની તપાસ દરમ્યાન સામે આવ્યું કે, એમડી ડ્રગ્સ અમદાવાદ અને મહારાષ્ટ્રથી સપ્લાય થાય છે. ગાંજો મોટા ભાગે ઓરિસ્સાથી સપ્લાય થાય છે અને ચરસ અફીણ રાજસ્થાનથી સપ્લાય થાય છે. અમે યુવાધનને અપીલ કરીએ છીએ કે માદક પદાર્થોથી દૂર રહે. અમે સામાજિક ધાર્મિક કાર્યક્રમ, શાળા કોલેજોમાં અવેરનેશના કાર્યક્રમ કરી લોકોને માદક પદાર્થોથી દૂર રહેવા તેનું સેવન નહીં કરવા અપીલ કરીએ છીએ.

### વોર્ડ પ્રમુખમાં નિશ્ચિત થયેલા માપદંડમાં ૯૮ ટકાનો સ્ટ્રાઇક રેટ પ્રદેશને સંતોષ

# હવે શહેર ભાજપમાં મહાનગર - જિલ્લા પ્રમુખ પદ માટે શનિવારે બેઠક માપદંડ આવશે


## વર્તમાન ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને તેના લોહીના સંબંધ ધરાવતા પરિવારના વ્યકિતને સ્થાન નહીંઃ ત્રણ વખત સક્રિય સભ્ય રહી ચૂકેલાના નામ પર જ વિચારણા થશે દાવેદારી માટે પણ નિરીક્ષકો આવશે

રાજકોટ, તા.૨૬

ગુજરાત ભાજપમાં વોર્ડ પ્રમુખોની નિયુક્તિની પ્રક્રિયા પુરી થયા બાદ હવે ૩૩ જિલ્લા અને ૮ મહાનગરો એમ કુલ ૪૧ જિલ્લાઓના પ્રમુખોની નિયુક્તિ માટે શનિવારે ભાજપની કાર્યશાળા ગાંધીનગરમાં યોજાશે અને તેમાં પ્રમુખ પદ માટે પણ માપદંડ નક્કી થાય તેવા સંકેત છે. સુત્રોના જણાવ્યા મુજબ વોર્ડ પ્રમુખોની નિયુક્તિ માટે મોટા ભાગે પ્રદેશ દ્વારા જે માપદંડ નિશ્ચિત થયા હતા તે મુજબ જ નિયુક્તિ થઈ છે. બહુ ઓછા કિસ્સામાં થોડો છૂટછાટ લેવામાં આવી છે. પરંતુ શહેર અને જિલ્લાઓમાં ભવિષ્યમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં સંગઠનાત્મક મહત્વ છે.

તે ધ્યાનમાં રાખીને પસંદગી કરવામાં આવશે. જેમાં ૬૦ વર્ષની ઉંમર મર્યાદા નિશ્ચિત થઈ છે તેનું ચૂસ્તપાલન કરવા જણાવાયું છે અને જો શહેર કે જિલ્લા પ્રમુખમાં છૂટછાટ લેવાની હશે તો તે પ્રદેશને ખાસ અગાઉથી જાણ કરવી પડશે. એટલું જ નહીં એક વ્યકિત એક હોદોની ફોર્મ્યુલા હવે લાગુ કરવાની માંગણી છે.

ભાજપમાં હોદા માટે દાવેદારો વધ્યા છે અને એક વ્યકિત બે કે ત્રણ હોદા પર રહીને અન્યના અધિકારને છીનવી રહી છે





અને તેનાથી જ અસંતોષ પેદા થાય છે અને તેનો અમલ કરવામાં આવે તેવી ધારણા છે.જેનાથી હાલના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સંગઠનમાં પસંદગીથી બાકાત થઈ શકે છે. આ ઉપરાંત ત્રણ વખત સક્રિય સભ્ય રહી ચૂકેલા આ હોદા પર સ્થાન મળશે. ચૂંટાયેલા પ્રતિનિધિઓના લોહીના સંબંધ ધરાવતા કોઈને સ્થાન મળશે નહીં જેથી પરિવારવાદ મુદ્દો ચગે નહીં.ભાજપમાં શહેર અને જિલ્લા પ્રમુખની નિયુક્તિ આ માસના અંત સુધીમાં પુરી કરવાની જે ડેડલાઈન છે તેનું પાલન કરવા જણાવાયું છે. જેથી શનિવારે એક વખત માપદંડ નક્કી થયા પછી સોમ કે મંગળવાર સુધીમાં દાવેદારી કરવાનો સમય અપાશે.આગામી સપ્તાહમાં નવા જિલ્લા અને મહાનગર પ્રમુખો નક્કી થઈ જશે. સુત્રોના જણાવ્યા મુજબ રાષ્ટ્રીય કક્ષાએ પ્રમુખની નિયુક્તિ માટે પણ ઝડપ કરવાની હોવાથી સંક્રાંત બાદ નવા પ્રદેશ પ્રમુખ પણ જાહેર થઈ જશે તેવી શક્યતા છે.

# બોગસ દસ્તાવેજ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અમદાવાદથી ઝડપાયો

### પોલીસથી બચવા રાજસ્થાન-મહારાષ્ટ્રના અલગ-અલગ શહેરોમાં નાસભાગ કરતો, ત્રિપુટીમાંથી બે ઝડપાયા હજુ એક ફરાર

રાજકોટઃ રાજકોટ શહેરની સબ રજીસ્ટ્રાર કચેરી-ઝોન ૧માં કોન્ટ્રાક્ટ બેઝથી નોકરી કરતાં કર્મચારીએ અગાઉ નોકરી કરી ચૂકેલા શખ્સે અન્ય બે શખ્સો સાથે મળી પૂર્વયોજીત કાવતરુ રચી કચેરીના કોમ્પ્યુટરમાં રહેલા હસ્તલેખિત ૧૯૫૬થી ૧૯૭૨ના વર્ષના ૧૭ દસ્તાવેજોમાં છેડછાડ કરી ખોટા દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યા ગુનામાં પ્રદ્યુમનનગર પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે પખવાડિયા બાદ આ કેસમાં સંડોવાયેલ મુખ્ય આરોપી હર્ષ સોનીની અમદાવાદથી ધરપકડ કરી છે અને આજે તેને ૧૦ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ કેસમાં હજુ એક આરોપી પોલીસ પકડથી દૂર છે, જેને લઈને પોલીસે તપાસ હાથ ધરી છે. આ કૌભાંડની તપાસમાં ડીસીપીની અધ્યક્ષતામાં કમિટીની



રચના કરવામાં આવી છે જેમના દ્વારા આરોપીની પુછપરછ શરૂ કરવામાં આવી છે.

રાજકોટ સબ રજીસ્ટર ઝોન-૧ માં સબ રજીસ્ટર તરીકે ફરજ બજાવતાં અતુલભાઈ મધુભાઈ દેસાઈએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે હર્ષ સાહલીયા ઉર્ફે હર્ષ સોની, જયદીપ ઝાલા અને કિશન ડી ચાવડાનું નામ આપતાં પ્રદ્યુમનનગર પોલીસે આઈપીસી ૪૨૦, ૪૬૪, ૪૬૭, ૪૬૮ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી અગાઉ જયદીપ ઝાલાની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. જે બાદ ફરિયાદ થયાના પખવાડિયા પછી ગઈકાલે પોલીસ દ્વારા મુખ્ય આરોપી હર્ષ સોનીની અમદાવાદ ખાતેથી ધરપકડ કરવામાં આવી છે અને તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ફરિયાદ થયાથી આજદિન સુધી આરોપી રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં અલગ-અલગ શહેરોમાં નાસતો ફરતો હોવાનું સામે આવ્યું છે. જયારે અન્ય એક આરોપી કિશન ચાવડા તેની સાથે હોવાની પોલીસને શંકા હતી પરંતુ, તે હજુ સુધી મળી ન આવતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે અને હવે આ કેસમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે સહિતની દિશામાં તપાસ અર્થે આરોપી હર્ષ સોનીને ૧૦ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

પોલીસની પ્રાથમિક પુછપરછમાં આરોપી હર્ષ સોની ત્રણ વર્ષ પહેલા સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોકરી કરતો હોવાનું અને આ સમયે તેને જયદીપ ઝાલા અને કિશન ચાવડા સાથે સંપર્ક થયો હતો. આરોપી જયદિપ ઝાલા ફોટોશોપનો જાણકાર હોવાથી જયદિપ, કિશન અને હર્ષ દ્વારા સાથે મળી બોગસ દસ્તાવેજ બનાવવા માટે પ્લાન બનાવવામાં આવ્યો હતો. દસ્તાવેજી પ્રોસેસ કિશન જાણતો હતો અને જૂનો ડેટા હર્ષ સોની દ્વારા સબ રજિસ્ટ્રાર કચેરીમાંથી મેળવવામાં આવ્યો હતો. જેમાં ફોટોશોપ મદદથી ઓરીજીનલ ડોક્યુમેન્ટમાં ચેડા કરી જયદિપ એડિટિંગ કરી નવા પુરાવા તૈયાર કરી દેતો હતો અને બાદમાં દસ્તાવેજને અસલ તરીકે ઉપયોગમાં લેવા માટે વકીલ કિશન પણ સાથ આપતો હોવાનું સામે આવ્યું છે.

## અગ્નિકાંડની ઘટના બાદ માત્ર બિલ્ડરો નહીં પરંતુ આમ આદમી સાથે જોડાયેલા અનેક કામ પણ રઝળેલા છે..

# કમુહૂર્તા બાદ લગ્નગાળો શરૂ થશે પણ કોર્પોરેશનના હોલ બંધ જ રહેશે!



### ફાયર ઈન્સ્ટોલેશનના કામ બાદ ટાંકા સહિતના સિવિલ વર્ક બાકી ઈસ્ટમાં રી – ટેન્ડર સાંસદે પણ મુદ્દો ઉઠાવ્યો હતો

રાજકોટ, તા. ૨૬

હાલ કમુહૂર્તા ચાલી રહ્યા છે અને ૧૪ જાન્યુઆરી બાદ ફરી લગ્નગાળો શરૂ થવાનો છે ત્યારે અગ્નિકાંડ બાદ ફાયર સેફ્ટી વસાવવા માટે બંધ કરવામાં આવેલા અને મધ્યમ વર્ગના પ્રસંગો માટે આશિર્વાદરૂપ સાબિત થયેલા કોમ્યુનિટી હોલ આ લગ્નગાળામાં પણ લોકોને કામ આવે તેવું લાગતું નથી.

હજુ મોટા ભાગના હોલમાં મોટા ખર્ચે ફાયર સેફ્ટીના સાધનો ઈન્સ્ટોલ કરવાનું કામ ચાલી રહ્યું છે અને હજુ પાણીના ટાંકા બનાવવા જેવી ઘણી કામગીરી બાકી હોય, હજુ બે મહિના તો લોકોને આ હોલ ઉપયોગ કરવા મળે તેવું લાગતું નથી.

હજુ જાન્યુઆરી માસમાં કોમ્યુનિટી હોલના બુકીંગ શરૂ થશે કે નહીં તે તંત્ર કહી શકતું નથી. છેલ્લા વર્ષોમાં બનેલા અને મોંઘા ભાડાવાળા કોમ્યુનિટી હોલ જ ચાલુ છે. વ્યાજબી ભાવના હોલ હજુ બુકીંગ માટે ખુલ્યા ન હોય, નાછુટકે ખાનગી હોલ, પાર્ટી પ્લોટમાં પ્રસંગ કરવાની નોબત આવી છે.

સાંસદ રામભાઈ મોકરીયાએ પણ તાજેતરમાં લોકો માટે કોમ્યુનિટી હોલ જલ્દી ખુલે તેવી કાર્યવાહી કરવા માંગણી કરી હતી. પરંતુ હજુ હોલ ખોલવાનો સમય ફાઈનલ થતો ન હોય, ગરીબ વર્ગના અનેક લોકોએ તો પોતાની શેરીમાં માંડવા બાંધીને પ્રસંગો કરવા પડયા હતા તે ઉલ્લેખનીય છે.

શહેરનો એક મોટો વર્ગ અલગ અલગ પ્રકારોના પ્રસંગો માટે કોર્પો.ના લગ્નહોલ તેમજ કોમ્યુનિટી હોલમાં બુકીંગ કરાવતા હોય છે. લગ્નગાળામાં તો ઓનલાઈન બુકીંગ ખુલતા જ પેક થઈ જાય છે. અમુક હોલની ખુબ ડિમાન્ડ હોય છે. વ્યાજબી ભાડાથી તમામ સુવિધાઓ ધરાવતા આ લગ્ન હોલના બુકીંગ માટે લગ્નની સીઝન દરમિયાન પડાપડી થતી હોય છે.

પરંતુ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર સેફ્ટી મુદ્દે મનપાના તમામ ૧૯ લગ્નહોલને તાળા લાગી જતાં છેલ્લા ૬ માસથી પરિવારો હેરાન થઈ રહ્યા છે. દરમ્યાન હવે સેન્ટ્રલઝોન અને વેસ્ટઝોનમાં આવેલા તમામ લગ્ન હોલમાં ફાયર ઈન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ થવામાં હોવાનું તંત્ર કહે છે. પરંતુ હજુ ઘણુ સિવિલ વર્ક બાકી છે.

અગ્નિકાંડ બાદ ફાયર સેફ્ટી મુદ્દે મનપાના મોટાભાગના લગ્નહોલ પ્રસંગો માટે બંધકરવામાં આવ્યા હતાં. અમુક લગ્નહોલમાં જૂનું બાંધકામ હોય સુધારા-વધારા કરવાના થતાં હોવાથી તેમજ ફાયર સેફ્ટીના નિયમ મુજબના સાધનો મુકવાના હોવાથી હોલને તાળા મારી ત્યાં ફાયર સેફ્ટીના સાધનોના ઈન્સ્ટોલેશન માટે ટેન્ડર પ્રક્રિયા કરાઈ હતી. આ બાદ ફાયરના સાધનો ઈન્સ્ટોલેશન કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

# સાયક્લોનિક સર્ક્યુલેશન શક્તિશાળી બન્યું, તોફાની પવન અને ગાજવીજ સાથે વરસાદ પડશે

આજે વહેલી સવારથી જ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ધુમ્મસભર્યું વાતાવરણ છવાયેલું રહ્યું હતુ. જે બાદ મોડી સાંજે કેટલાક વિસ્તારોમાં સામાન્ય ઝાપટાં પણ પડ્યા છે. આવતીકાલે પણ ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ અને તોફાની પવન સાથે વરસાદ પડે તેવી શક્યતા છે.આ અંગે જાણીતા હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ જણાવ્યું કે, અત્યારે દક્ષિણ ભારતમાં ઈશાનનું ચોમાસું ચાલી રહ્યું છે. આ સાથે જ ઉત્તરના પર્વતીય પ્રદેશોમાંથી એક પછી એક પશ્ચિમી વિક્ષોપ પસાર થઈ રહ્યા છે. આ બન્ને પરિબળોના કારણે રાજસ્થાનના ઉત્તર-મધ્ય ભાગ પર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે.

આ સાયક્લોનિક સર્ક્યુલેશનને બંગાળની ખાડી તરફથી પુરતો ભેજ મળી રહ્યો છે. જેના પરિણામે તે વધારે શક્તિશાળી બન્યું છે. જેથી આગામી ૨-૩ દિવસ સુધી ગુજરાતમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળી શકે છે. આ દરમિયાન કેટલાક ભાગોમાં માવઠાના ઝાપટા પણ પડી શકે છે.જો કે રાજસ્થાન અને મધ્ય પ્રદેશની સરહદને અડીને આવેલા તાલુકાઓમાં ઠંડર સ્ટ્રોમ એક્ટિવિટી જોવા મળી શકે છે. આથી અહીં ગાજવીજ અને તોફાની પવન સાથે માવઠું પડશે. ખાસ કરીને ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, બનાસકાંઠા, અરવલ્લી, સાબરકાંઠા ઉપરાંત દાહોદ, છોટા ઉદેપુર, મહીસાગર અને દાહોદ જિલ્લામાં તીવ્રતા સાથે માવઠુ પડી શકે છે.

દક્ષિણ ગુજરાતના નર્મદા, સુરત, તાપી, વલસાડ, ડાંગ અને નવસારી તેમજ કચ્છ અને સૌરાષ્ટ્રમાં માવઠાની શક્યતા નહીવત છે. જો કે કચ્છના રાપર ઉપરાંત સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર અને અમરેલીના એકાદ સેન્ટરમાં સામાન્યથી મધ્યમ ઝાપટા પડશે. જો કે આ દરમિયાન આ તમામ જિલ્લાઓમાં ધુમ્મસભર્યું વાતાવરણ રહેવાથી વિઝિબિલિટી ડાઉન થશે. આમ ૨૦૨૪નું વર્ષ વિદાય લેતા-લેતા માવઠાથી ગુજરાતને ભીંજવશે, જે ખેડૂતો માટે ચિંતાનો વિષય જરૂર છે.

# આધેડે મિલ્કતની તકરારમાં એ-ડિવિઝન પોલીસ મથક પાસે ફિનાઈલ પીધુ

શહેરમાં રામનાથપરા વિસ્તારમાં આવેલા હુસેની ચોકમાં રહેતા આધેડે મિલકતની તકરારમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશન પાસે ફીનાઈલ પી લીધું હતું. આધેડની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રામનાથપરા વિસ્તારમાં આવેલા હુસેની ચોકમાં રહેતા ફિરોઝભાઈ સતારભાઈ મોટવાણી નામના ૫૫ વર્ષના આધેડ સાંજના પાંચેક વાગ્યાના અરસામાં એ ડિવિઝન પોલીસ સ્ટેશન પાસે હતા ત્યારે ફિનાઈલ પી લીધું હતું આધેડની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં ફિરોજભાઈ મોઢવાણીને મકાન મુદ્દે તકરાર ચાલે છે અને તે બાબતે બંને પોલીસ સ્ટેશન ખાતે આવ્યા હતા અને સમાધાન થઈ ગયું હોવાનું કહી બહાર ગયા બાદ ફીનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે.આ ઉપરાંત બીજા બનાવમાં રૈયાધાર વિસ્તારમાં આવેલા મારવાડીવાસમાં રહેતા સંજય કૈલાશભાઈ ભટ્ટી નામનો ૨૧ વર્ષનો યુવાન રાત્રીના અગિયારેક વાગ્યા અરસામાં પોતાના ઘર પાસે હતો. ત્યારે જૂની અદાવતનો ખાર રાખી પાડોશી પ્રભુભાઈએ પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭



ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી શીતલ હેરનો પ્રકોપ ભારે અનુભવાચી રહયો છે. સ્વાર્થી માનવજીવ ધનાઢય બનવાની ઘેલછામાં જંગલો-પહાડો-નદી- તળાવો -ઝરણાં વિસ્તારોનો આડેધડ નાશ કરી સિમેન્ટ કોંક્રીટના જંગલો ઊભા કરી અબોલજીવોના ચરિયાણ રહેણાંક આશ્રય સ્થાનો છીનવી લેતાં આજે ગામડાઓથી માંડીને મોટા શહેરોમાં રખડતાં પશુઓનો ત્રાસ વધેલો જોવા મળે છે.ગીર કે પહાડી રહેણાંક વિસ્તારમાં જંગલી પ્રાણીઓ ઘુસી આવે તો આ માનવજાત હોબાળો કરી આ અબોલજીવને મારી નાખે કે પાંજરામાં પુરાવી હેરાન કરે છે. આ અબોલ જીવોના ચરિયાણ રહેણાંક આશ્રય સ્થાનો પર કબજો કર્યો તો એ બિચારા જાય કયાં??આ જીવો પણ કુદરતે એનકેન પ્રકારે તમને સહાયરૂપ થાય તે હેતુથી મોકલેલા છે. એટલે તેને હાની પહોંચાડવાથી છેવટે માનવજીવ માટે હાનીકારક જ નિવડે. અહીં કડકડતી ઠંડી શીતલહેરથી બચવા માટે એક ગલુડિયું ગાયના નાના વાછરડાની હુંફમાં ગરમી મેળવવા પ્રયત્ન કરી શાંતિની નિંદર માણી રહયું છે  બીજી નજરે વિશ્વમાં આજે અરાજકતાભરી સ્થિતિમાં માનવી માનવનો લોહીનો તરસ્યો બન્યો છે ત્યારે આ ફોટા પરથી કંઈક બોધપાઠ લેશે.

**- યશપાલસિંહ ટી વાઘેલા-થરા**

# બનાસકાંઠા પાલનપુરની શાખા જૈન શિશુ શાળાના વિદ્યાર્થીઓએ નાઈન પોલીસ ડોગ સ્કવોડની મુલાકાતે




પાલનપુર, તા. ૨૬: જૈન શિશુ શાળાના ૩૪૦ વિદ્યાર્થીઓ આજે પોલીસ હેડ ક્વાર્ટરની મુલાકાત લીધી તેમાં અલગ અલગ શાખાઓની મુલાકાત લઈને જ્ઞાનવર્ધક ચર્ચાઓ કરી તથા પ્રદર્શન નિહાળી તેમાં હથિયારી શાખા માઉન્ટેડ વિભાગ અને પછી બાળકો ઉત્સાહપૂર્વક કે નાઈન પોલીસ ડોગ સ્કોડ માં પધાર્યા હતા. જેમાં તેમના સાથે લગભગ ૩૦ જેટલા શિક્ષકો હતા જેમને બાળકોને ઉચ્ચ કક્ષાની માવજત સાથે કે નાઈન પોલીસ ડોગની જાણકારી પ્રાપ્ત કરવામાં મદદ કરી હતી કે નાઈન ડોગ શાખાના પૃથ્વીરાજસિંહ રાઠોડ વિક્રમકુમાર શિવલાલ રાવલ રમેશભાઈ ચૌધરી , અશોકભાઈ ચૌધરી, મનહરદાન ગઢવી તથા ડોગના કેનલ બોય વિપુલભાઈ મકવાણાના સાનિધ્યમાં વિદ્યાર્થીઓને સહ ડોગ શાખા ની સંપૂર્ણ માહિતી તથા પ્રદર્શન નિહાળ્યું હતું બાળકોને ખૂબ મજા આવી હતી અને અવનવું શીખવા મળ્યું હતું.

બાળકોએ પોલીસ ડોગ રોશની પોલીસ પોલીસ ડોગ કેમેરી પોલીસ ડોગ ડોગલ્સ પોલીસ ડોગ લકી ની કામગીરી નિહાળી હતી અને પોલીસ ડોગ રોશની લકી કેમરી ડોગલસને વહાલ સાથે મસ્તી કરી હતી. ડોગ શાખાના વિક્રમ કુમાર શિવલાલ રાવલ એ જણાવ્યું હતું કે કે નાઈન ડોગ ઉચ્ચ કક્ષાની પ્રશિક્ષણ પ્રાપ્ત કરી બનાસકાંઠા પોલીસની મદદ કરે છે પોલીસની સાથે ખભે ખભા મિલાવી ગુનાઓમાં ડિટેકશન કરવામાં મદદ કરે છે પોલીસ ઉચ્ચકક્ષાનું જમવાનું અને ટ્રેનીંગ પ્રાપ્ત થાય છે,

# ક્ષત્રિય કારડિયા રાજપુત સમાજ - રાજકોટ દ્વારા આયોજિત સ્નેહમિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ

ગીર સોમનાથ,જૂનાગઢ જીલ્લા ક્ષત્રિય કારડિયા રાજપુત સમાજ - રાજકોટ દ્વારા આયોજિત સ્નેહમિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ કાર્યક્રમમા ઉપસ્થિત રહેવાનો અવસર પ્રાપ્ત થયો.આ કાર્યક્રમમા સમાજના રાજકીય-સામાજીક આગેવાનો, અલગ અલગ ક્ષેત્રના સરકારી અધિકારીશ્રીઓ, શિક્ષણવિદોસહિત મોટી સંખ્યામા રાજકોટમા વસતા બંને જીલ્લાના કારડિયા રાજપુત સમાજના અનેક પરિવારો હાજર રહ્યા હતા.



# બિલ્ડીંગ પ્લાન મંજૂરીમાં ઘોર વિલંબ : ૧૧૦ મીટરની હાઈટ મળવાપાત્ર છતાં સર્ટીફીકેટના નામે ત્રાસ

## ■ પ્લોટ વેલીડિશનમાં સમયનો બગાડ : તમામ એનઓસી રૂડા અને કોર્પો.માંથી જ મળવી જોઈએ : ફાયર શાખાનું સંકલન કરાવો : અનુભવી સ્ટાફ મૂકવા નવા કમિશ્નર પાસે રીયલ ડેવલોપર્સ એસો.ની માંગણી




રાજકોટ, તા. ૨૬: રાજકોટ મહાનગરમાં રીયલ એસ્ટેટ બાંધકામ ક્ષેત્રમાં લાંબા સમયથી ડેવલપર્સ અને બિલ્ડર્સને પડતી મુશ્કેલીઓનો ઉકેલ લાવવા અને ટીપી વિભાગના વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવા આજરોજ રીયલ રાજકોટ ડેવલપર્સ એસો. દ્વારા કમિશ્નરને રજૂઆત કરવામાં આવી છે.

આજે એસો.ના પ્રદીપભાઇ ત્રિવેદી સહિતના હોદ્દેદારો નવનિયુકત મ્યુનિ. કમિશ્નર તુષાર સુમેરાને મળ્યા હતા અને શુભેચ્છા સાથે સ્વાગત કર્યુ હતું. આ સાથે રોજિંદી કામગીરીમાં પડતી મુશ્કેલી અંગે આવેદનપત્ર પણ પાઠવ્યું હતું. એસો.એ આ રજુઆતમાં જણાવ્યું હતું કે, રિઅલ રાજકોટ ડેવલોપર્સ એસોસિએશન (આરઆરડીએ)ના તમામ કોર્પો. અને રૂડા સાથે જોડાયેલા સભ્યો વર્ષોથી બિલ્ડીંગ પ્લાન મંજુરીની પ્રક્રિયા સાથે જોડાયેલા છે. હાલ ટાઉન પ્લાનિંગ વિભાગમાં વિવિધ મુશ્કેલીઓ પડી રહી છે જે બાબતે ઉકેલ લાવવા મહત્વના સૂચનો પણ કર્યા છે.

રાજકોટ જીલ્લામાં નવા આંતરરાષ્ટ્રીય એરપોર્ટના લોકાર્પણ બાદ ઘણા માસથી સી.સી.ઝેડ.એમ. મેપ ડીકલેર થઇ ગયેલ હોવા છતાં આર.એલ. (રોડ લેવલ) સર્ટીફીકેટ બંને ઓથોરીટીસમાં બિનજરૂરી માંગવામાં આવે છે, રાજકોટ શહેર તથા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી હેઠળ આવતા વિસ્તારોમાં એવરેજ હાઇટ ૧૧૦ મીટર મળે છે, જે અન્વયે આ પ્રકારના સર્ટીફીકેટ ફરજિયાત માંગવા એ બિનજરૂરી જણાતું હોય તેવું લાગે છે.

કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન (સી. એન્ડ ડી.) વેસ્ટ રૂલ્સ - ૨૦૧૬ હેઠળની પ્રક્રિયામાં ખુબ વિલંબ થતો હોય તેમજ અનેકવિધ અગવડતા અને મુશ્કેલીઓ પડતી હોય જે નિવારવા ઉકેલ લાવવા જરૂરી છે. ઉપરાંત પ્લોટ વેલિડેશન પ્રક્રિયાનો કોઈ જ પ્રકારનો મહાવરો કોઈ ઓથોરીટી પાસે છે જ નહી તેમજ આ પ્રક્રિયા અન્વયે સમયમાં ખાસ્સો વિલંબ થઇ રહ્યો છે જે અંગે આ પ્રક્રિયા રદ કરવા અથવા વૈકલ્પિક સિંગલ વિન્ડો સીસ્ટમ શરુ કરવા માંગણી કરી છે.

વધુમાં એસો.ના પ્રદીપભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા અને રૂડામાં ફાયર એન.ઓ.સી., રેલ્વે એન.ઓ.સી., બિનખેતી હેતુફેર તથા વિવિધ એન.ઓ.સી., મેળવવાની પ્રક્રિયા અતિ જટિલ છે. સામાન્ય અરજદારને સમયમર્યાદામાં એન.ઓ.સી. મળતી ન હોય કોર્પો. અને રૂડા દ્વારા જ આ એન.ઓ.સી.ની પ્રક્રિયા કરવામાં આવે તો સરળતા મળે તેમ છે.

ઇમ્પેક્ટ હેઠળ રજુ થયેલ પ્લાનમાં ફાયર એન.ઓ.સી.ની જરૂરિયાત રહેતી હોઈ જેમાં ફાયર વિભાગ પહેલા ઇમ્પેક્ટ હેઠળનો પ્લાન મંજુર થયેલો માંગતા હોય અને ટી.પી. શાખા ફાયર એન.ઓ.સી. માંગતા હોય ત્યારે આ બંને વિભાગમાં વહીવટી સંકલન કરવું અત્યંત જરૂરી છે જેથી ઇમ્પેક્ટ હેઠળના કેસ ઇનવર્ડ થાય તથા સરકારની તિજોરીમાં માતબર આવક થાય તે માટે ઝડપી ઉકેલ આવવો જોઈએ.

મહાનગરપાલિકામાં નવા બિલ્ડીંગ પ્લાન મંજુરી, કમ્પ્લીશન તથા વિવિધ કામગીરીમાં હાલ જે મહેકમની નિમણુંક કરેલ છે એ સ્ટાફ વિભાગના વિવિધ કાર્યમાં અનુભવી નથી. આથી સમય બગડે છે. તે કારણે ટીપી વિભાગમાં નીવડેલ મહેકમની નિમણુંક કરવામાં આવે અને તેઓને સમયાંતરે ટ્રેનીંગ સેશન કરવામાં આવે તથા દર માસાંતે એન્જીનીયરો સાથે પડતી મુશ્કેલીઓ નિવારણ અન્વયે મીટીંગ કરવા મહત્વનું સૂચન કર્યુ છે.

રૂડામાં મટીરીયલ ટેસ્ટીંગ રીપોર્ટ લેવામાં આવતા નથી ત્યારે રાજકોટ મહાનગરપાલિકામાં મટીરીયલ ટેસ્ટીંગ રીપોર્ટ લેવાનું બંધ કરવું જોઇએ.

રાજકોટમાં બિલ્ડીંગ પ્લાન પાસ કરવા પહેલા જે સમય નિરર્થક જતો હોય અને બિલ્ડીંગ પ્લાન પાસ થયા બાદ કમ્પ્લીશન મેળવવા સમયે યોગ્ય સમયમર્યાદામાં કામગીરી થતી ન હોય, ગતિ લાવવાની રજૂઆત કરી છે. આ મુલાકાતમાં પ્રદીપભાઇ ત્રિવેદી, ડો. વિરલ ભટ્ટ, જેન્તીભાઇ ગોધાત, વિશાલ ટાટમિયા, ચિરાગ સવાણી, હિતેશભાઈ તાલસાનિયા, કિરીટભાઇ ઉંજીયા, અશોકસિંહ ચૌહાણ જોડાયા હતા.

**આટલી પ્રક્રિયા માટે સિંગલ વિન્ડો શરૂ કરો**

- સી. એન્ડ ડી. વેસ્ટ
- પ્લોટ વેલિડેશન
- રેલ્વે એનઓસી
- ફાયર વિભાગનું એનઓસી
- હાઇવે ઓથોરીટીનું એનઓસી
- બિનખેતી હેતુફેર
- ડ્રેનેજ વિભાગ
- નળ કપાત - વોટર વર્કસ
- વેરાબિલમાં સુધારા
- રૂડા ડેવલોપમેન્ટ ચાર્જ

## પ્લાન-કમ્પલીશનની સ્થગિત હાલત વચ્ચે ઈન્ચાર્જ ટીપીઓ પણ રજા પર

રાજકોટ મહાનગરમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટના બાદ ટીપી શાખાને લગતી પ્લાન અને કમ્પલીશનની કામગીરી સ્થગિત જેવી બની ગઇ છે અને સરકાર સુધી ફરિયાદો થયેલી છે. આમ છતાં હજુ સુધી સ્થિતિ યથાવત છે. આ સંજોગોમાં ઇન્ચાર્જ ટીપીઓ પણ અઠવાડિયાની રજા પર ગયા છે.

ડિસેમ્બરના અંતમાં આમ તો ઘણા અધિકારીઓ સત્તાવાર રજા મૂકીને ગયા છે. તેવામાં ચાલુ સપ્તાહની રજા ઇન્ચાર્જ ટીપીઓ પંડયાએ મૂકી છે. તેઓ આવતા સપ્તાહે હાજર થવાના છે. રજૂઆત અને નવા કમિશ્નરના આગમન બાદ તુરંત કામમાં ગતિ આવશે તેવું બિલ્ડર એસો. માનતું હતું. પરંતુ હજુ પ્લાન કમ્પલીશનની હાલત જેમની તેમજ હોવાનું ડેવલપર્સ કહી રહ્યા છે.

# ગોંડલ તાલુકા ભાજપ દ્વારા વીર બાલ દિવસની ઉજવણી કરવામાં આવી

ગોંડલ, તા. ૨૬ઃ ગોંડલ તાલુકા ભાજપ દ્વારા વીર બાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ નું આયોજન જય સરદાર સ્કૂલ ખાતે આ કાર્યક્રમ ના રાજકોટ જિલ્લા ભાજપ ઇન્ચાર્જ રાજુભાઇ ગોંડલીયા અને સહ ઇન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકી ની વિષેશ ઉપસ્થિતિ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે તાલુકા ભાજપ ના નવ નિયુક્ત અને સતત બીજી વખત તાલુકા ભાજપના પ્રમુખ તરીકે નિયુક્ત થનાર અશ્વિનભાઈ ડુંમર દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. આ તકે શહેર ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજા, ભાજપ અગ્રણી માવજીભાઈ





શેખડા સહિત મોટી સંખ્યામાં બાળકો હાજર રહ્યા હતાં. આ કાર્યક્રમ ના વક્તા તરીકે શહેર ભાજપ મહામંત્રી અશોકભાઈ પરવાડીયા એ વીર બાલ દીવસ વિષે બાળકોને વિસ્તૃત મા વર્ણન કરી બાલ દીવસ વિષે પરાક્રમી વાતો કરી હતી. આ કાર્યક્રમ નું સફળ સંચાલન જય સરદાર સ્કૂલ ના સંચાલક દીપકભાઇ ધોણીયા દ્વારા કરવામાં આવ્યુ હતું.

# ભાવનગર ખાતે સિપાઈ સમાજના વિદ્યાર્થીઓનો છઠ્ઠો સન્માન સમારોહ યોજાયો




અહેવાલ : હુસામુદ્દીન કપાસી-જસદણ

■ **૪૧૧ વિદ્યાર્થીઓને કરાયા સન્માનિત કરાયા સાથે સાથે ૫૪ બોટલ બ્લડ એકત્રિત કરાયું**

ભાવનગર, તા. ૨૬ઃ વર્ષ ૨૦૧૫થી મુસ્લિમ સિપાઈ સમાજમાં શૈક્ષણિક ઉત્થાન માટે કામ કરતી એક માત્ર સંસ્થા એટલે સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા ભાવનગર ખાતે છઠ્ઠો સન્માન સમારોહ યોજાયો હતો જેમાં ગુજરાતના અલગ અલગ ગામો. માંથી આવેલા ૪ દિવ્યાંગ ખેલાડીઓ, ૨ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જિલ્લા લેવલે વિજેતા થયેલ યુવાઓ, ૫ અલગ અલગ રમતોમાં જિલ્લા લેવલે સન્માનિત થયેલ ખેલાડીઓ, ૩ દિવ્યાંગ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૮ થી ઉચ્ચ અભ્યાસ કરતા ૩૯૪ વિદ્યાર્થીઓ અને ગુજરાત તથા ભારત સરકારના અલગ અલગ ખાતાઓમાં સરકારી નોકરી મેળવેલ ૩ યુવાઓને સન્માનિત કરાયા હતા.

આ સન્માન સમારોહ પ્રસંગે કાર્યક્રમ પહેલા સવારે સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત અને ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સંચાલિત રેડ ક્રોસ બ્લડ બેંક ભાવનગરના સંયુક્ત ઉપક્રમે એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિપાઈ સમાજ ટ્રસ્ટના કારોબારી સભ્યો તથા સન્માન સમારોહમાં આવેલ મહેમાનોએ હોંશે હોંશે ૫૪ બોટલ બ્લડ ડોનેટ કર્યું હતું જે બ્લડ ભાવનગર ખાતેની બેંકને અર્પિત કરાયું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પની જવાબદારી સિપાઈ સમાજ ટ્રસ્ટના સુરેન્દ્રનગરના કાર્યકર રાજનભાઈ નાયક તથા સાથી મિત્રોએ ઉપાડી હતી.

ભાવનગર ખાતે યોજાયેલ આ સન્માન સમારોહમાં ગુજરાત ભરમાંથી ૧૦૦૦ થી વધુ લોકો જોડાયા હતા જેમાં દૂર દૂર થી આવતા લોકો માટે રાત્રે પણ સુવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.બહારગામથી આવેલા મહેમાનો માટે બપોરે જમવાની પણ વ્યવસ્થા કરવામા આવી હતી.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સિપાઈ સમાજ ટ્રસ્ટના પ્રમુખ ડો. અવેશ ચૌહાણ (પોરબંદર) સહિતના ગુજરાતભરના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલામાં વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો



રિપોર્ટરઃ યોગેશ ઉનડકટ સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૨૬ઃ ગુરુવારે શ્રી સદ્દગુરૂ શ્રી કબીર સાહેબ સેવા ટલૃસ્ટ સવાર કુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પ આંખો ના રોગ થી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ની અંદર ઓ પી ડી માં ૧૩૩ દર્દીઓને લાભ લીધો હતો. અને તેમજ મોતિયા ના ઓપરેશન માટે ૩૦ દરદી લાભ લીધો હતો આ કેમ્પનુ દિપ પ્રાગટય કબિર ટેકરી સાવરકુંડલા ના મહંત શ્રી નારણદાસ સાહેબ તથા ટ્રસ્ટી શ્રી વિશાલ વ્યાસ

સામાજિક સેવા સંસ્થાન શ્રી બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટ ના ટ્રસ્ટી વિશાલભાઇ વ્યાસ, જિતેનભાઇ હેલૈયા, તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ સુદર્શન નેત્રાલયના કર્મચારી નિલેષભાઈ ભીલ, તથા કબીર ટેકરી ના સ્વયંમ સેવકો વગેરે સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાના ચોથા ગુરુવારે છેલ્લા ૧૬ વર્ષ થી યોજાય છે

# નુરાનીચાહ ઈંગ્લીશ સ્કૂલ અને દાઉદી બોહરા સમાજ દ્વારા રેસકોર્સ ખાતે સાયકલોકોથોન અને વોકથોન યોજાયો






રાજકોટ, તા. ૨૬: નુરાનીચાહ ઈંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓએ ‘‘વોક ધ ફ્યુચર પેડલ ફોર ચેન્જ‘‘ ના સંદેશ સાથે રવિવારે સવારે સંયુક્ત સાયકલોથોન અને વોકથોન ઈવેન્ટનું આયોજન કર્યું. આ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ

SayNoToDrugsAndTobacco, Say No To CyberCrime, Promote Make In India, A Building Peaceful Schools જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ હાઈલાઈટ કરીને બાળકો સાથે ઈવેન્ટ કરેલી, દાઉદી બોહરા સમાજ ના મરદો અને નુરાનીચાહ ઈંગ્લીશ સ્કૂલ ના બચ્ચાઓએ સાયક્લોથોન મા ૭ કિ.મી જયારે વોકોથોન ૩ કિ.મી સુધીનું અંતર આવરી લીધું હતું, આ કાર્યક્રમમાં રાજકોટ આમિલ સાહેબ, દર્શીતાબેન શાહ, મનીષભાઈ રાડીયા અને અરૂણભાઈ નિર્મળ એ રવિવારે બહુમાળી ભવન, રેસકોર્સ પાસે થી ફ્લેગ આપી શરૂઆત કરાવી, આ સાયકલોકોથોન શેખ સૈફુદ્દીનભાઈ ભાભરાવાલા, શેખ મૂર્તઝાભાઈ સાહેબ બદરી, શેખ તાહેરભાઈ બદરી, શેખ હાતીમભાઈ, હુઝૈફાભાઈ જાફરજી, અલીઅઝગર ભાઇ દેગાની, હુસૈનભાઈ નવાબ, મૂર્તઝાભાઈ સ્પિરિટવાલા, ધારાસભ્યશ્રી દર્શીતાબેન શાહ, દંડક શ્રી મનીષભાઈ રાડીયા અને રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ-મીડિયા અગ્રણી અરૂણભાઈ નિર્મળ, જૈન અગ્રણી દિનેશભાઇ મોદી, એસ.ઓ.જી પોલિસ સ્ટાફ, આનંદસિંહ, મીનુ જસદણવાળા, જીગ્નેશ ખૂંટ, અઈઇ ડ્જઈ ગીડા સાહેબ, પ્રનગર સ્ટાફ જયુભા પરમાર ઉપસ્થિત રહેલ હતા, દર્શીતાબેન શાહ એ જણાવ્યું હતું કે બોહરા સમાજએ એક સરસ સંદેશો આપવા ‘‘વોક ધ ફ્યુચર પેડલ ફોર ચેન્જ‘‘ ના સંદેશ સાથે ભાઈચારા અને વ્યસન મુકિત અભિયાનની સરાહના કરી હતી અને યુવાનોને સ્વચ્છતા અને સકારાત્મક પરિવર્તન માટે પ્રોત્સાહિત કરાવવાનું મહત્વ દર્શાવ્યું, તેમ શેખ યુસુફઅલી જોહર કાર્ડસવાળાએ જણાવ્યું હતું.

## ગોંડલ માર્કેટીંગ યાર્ડના ચેરમેનની સાદાઈ



સૌરાષ્ટ્રનુ અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટીંગ યાર્ડના યુવા ચેરમેન અલ્પેશભાઇ ઢોલરિયાની સાદાઈનુ ફરી એકવાર ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું. એક નાના પરિવાર માંથી આવતાં અને હંમેશા ખેડુતો નુ હિત ઈચ્છતા અલ્પેશભાઇ ઢોલરીયા માર્કેટિંગ યાર્ડ ના નિરીક્ષણ દરમિયાન યાર્ડ મા જણસી લઈને આવેલ ખેડુતો જયારે ગાંઠિયા નો સ્વાદ માણી રહ્યા હતા ત્યારે ચેરમેન અલ્પેશભાઇ ત્યાંથી નીકળતા ખેડુતો દ્વારા આવકાર મળતા જ અલ્પેશભાઇ ઢોલરિયા કોઈપણ જાતના શરમ સંકોચ વિના તેમની સાથે ગાંઠિયા નો સ્વાદ માણવા લાગ્યા. જે બાબતે તેમણે પોતાના સોશ્યલ મીડિયા મા પણ પોસ્ટ અપલોડ કરી જે હાલ સોશ્યલ મીડિયાના દરેક પ્લેટફોર્મ પર ખૂબ વાયરલ થઇ રહી છે અને ખેડુતો ના સાચા હમદર્દ અને યુવાનોના આઇકોન તરીકે ની છાપ ઉભી થઇ રહી છે. આ પોસ્ટ દ્વારા ખેડુતો યુવાનો નું દિલ જીતી લીધું  હતું.



નો ફેવર, નો ફિઅર...
સામના મિરર


# સીટી બસનું પાર્કિંગ ત્રિકોણબાગમાંથી શાસ્ત્રી મેદાન ખાતે ફેરવો: કમિશનરને સૂચન

## ડ્રાઈવર-કંડકટરોને શિસ્તના પાઠ ભણાવી ગતિમર્યાદા મૂકવી જરૂરી:સીસીટીવીથી માંડી સફાઇ વ્યવસ્થા ગોઠવવા કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની માંગણી

રાજકોટ, તા. ૨૬

રાજકોટમાં છેલ્લા થોડા સમયમાં સીટી બસના કારણે અકસ્માતની ઘટનાઓ, રસ્તા પર બેફામ ડ્રાઈવીંગ અને બેદરકારી બદલ સંપૂર્ણ કથળેલો વહીવટ સુધારવા કોંગ્રેસે માંગણી કરી છે. શહેર પ્રમુખ અતુલ રાજાણીએ આ અંગે મ્યુનિ. કમિશનરને પત્ર લખી ૧૮ મુદ્દા સાથેની રજુઆત કરી છે. તો બેદરકારી બદલ એજન્સી સામે કરાયેલી કાર્યવાહીની વિગત પણ જાહેર કરવા માંગણી કરી છે.

કોંગ્રેસે પત્રમાં જણાવ્યું છે કે શહેરમાં સીટી બસ સંચાલન કરતી એજન્સી ની બેદરકારી અને લાપરવાહીને પગલે શહેરીજનો પર અકસ્માતનું જોખમ વધ્યું છે. આથી સીટી બસનો કથળી ગયેલા વહીવટને સુધારવા માંગણી કરાઈ છે. આવાસ યોજનાઓમાં રૂટ ફરી ચાલુ કરવા, સ્ટાફના ફિટનેસ સર્ટીફીકેટ, ત્રિકોણબાગના બદલે શાસ્ત્રીમેદાન ખાતે બસ પાર્કિંગ બનાવવા સૂચન કરાયું છે.

(૧) શહેરમાં ચાલતી ૨૦૦ સિટી બસની સ્પીડ લિમિટ બાંધવાની આવશ્યકતા છે. (૨) ડ્રાઈવર અને કંડકટર ના વર્તનમાં ગેરવર્તન અને નજીવી બાબતે મુસાફરો પર રોફ જમાવે છે શિસ્ત ના પાઠ ભણાવવાની જરૂર છે (૩) ત્રિકોણબાગ પાસે બસોના ખડકલા જોવા મળે છે ત્યારે ફક્ત પાર્કિંગ થયેલી બસો શાસ્ત્રી મેદાન ખાતે કલેકટર ની મંજૂરી લઈ પાર્ક કરી શકાય (૪) ડ્રાઈવર અને કંડકટરની દર છ માસિક ફિટનેસ સર્ટીફીકેટ ફરજિયાત કરવાની જરૂરિયાત છે. (૫) દર વર્ષે ડ્રાઈવર કંડકટર ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલ નથી તે અંગે પોલીસ રિપોર્ટ આવશ્યક અને જરૂરી બનાવો. (૬) અનેક સ્ટોપ પર મુસાફરો હાથ ઊંચો કરે છતાં બસ ઊભી રહેતી




નથી તે પ્રકારની ફરિયાદો છે. (૭) સિનિયર સિટીઝન અને મહિલાઓ સાથે ગેરવર્તન કરનારને શોકોઝ નોટિસ આપી યોગ્ય ખુલાસો ન કરે તો ઘર ભેગા કરી દેવાની જરૂર છે.

(૮) ડ્રાઈવર કે કંડક્ટર માં વય મર્યાદા નક્કી થવી જોઈએ. (૯) સીટી બસની બેદરકારીને કારણે અકસ્માત નો ભોગ બનનાર વ્યક્તિએ એજન્સી દ્વારા વળતર ચૂકવવામાં આવે. (૧૦) સીટી બસના તમામ આધુનિક બસ સ્ટેન્ડો બનાવેલા છે તે બસ સ્ટેન્ડ ઉપર નિયમિત સાફ સફાઈ જરૂરી. (૧૧) બસ સ્ટેન્ડો ઉપર પડયા પાથર્યા રહેતા અસામાજિક અને લુખ્ખા તત્વો સામે સમયાંતરે પોલીસની સાથે રાખી ડ્રાઇવ યોજવી (૧૨) કંડક્ટરો ટીકીટો આપતા નથી અને રૂપિયા લઈ લે છે તે પ્રકારની ફરિયાદો હોય તે અંગે પગલાં ભરવા જોઈએ (૧૩) સીટી બસ ના સ્ટાફને માનવતા, સાદગી, સારા સંસ્કાર, સેવા, યોગ, સારા પુસ્તકોનું વાંચન અને તેમની તાલીમ શિબિર ફરજિયાત કરો.

(૧૪) દરેક બસમાં સીસીટીવી કેમેરા ફરજિયાત બનાવી બસમાં ફર્સ્ટ એડ અને જરૂરિયાત મુજબની મેડિસિન રાખવી જોઈએ. (૧૫) બસ સ્ટોપ છે તે જગ્યાએ બસ સ્ટોપ અંગેનું બોર્ડ કે બસ સ્ટેન્ડ અને સમય પત્રક ફરજિયાત મુકાવો. (૧૬) રેલ નગરના સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર, લોકમાન્ય તિલક, ઝાંસીની રાણી આવાસ યોજનામાં જે બસ આવતી તે એકાએક બંધ કરી દેવાય છે .

જે ફરી શરૂ કરવી જોઈએ. (૧૭) સીટી બસ સ્ટેન્ડોની અંદર અને બહાર લગાડેલ ટાઈમ ટેબલ ઉપર જાહેરાતોના ચોપાનિયા મારનારા સામે દંડનીય કાર્યવાહી થવી જોઈએ. (૧૮) સિટી બસોનું સંચાલન કરતી વર્તમાન એજન્સીઓને કરાયેલ દંડનીય રકમ કેટલી અને ક્યારે કરવામાં આવી અને નોટિસ આપવામાં આવી હોય તો તેની તમામ વિગતો જાહેર કરવા માંગ કરી છે. ઉપરોક્ત અમારી ૧૮ મુદાઓ સાથેની આ લેખિત રજૂઆતના અનુસંધાન માં આપ દ્વારા થયેલ કાર્યવાહીની જાણ કરવા વિનંતી.

# ૧૫ લાખ રૂપિયા સુધી કમાણી કરનારને મળશે ઈનકમ ટેક્સમાં છૂટ; બજેટમાં જાહેરાતની શક્યતા

## સરકાર વાર્ષિક રૂ. ૧૦-૧૫ લાખ સુધીની કમાણી કરનારાઓ પર ટેક્સનો બોજ થોડો ઘટાડી શકે છે. હાલમાં, ૧૦-૧૫ લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવતા લોકો પાસે બે ટેક્સ સ્લેબ છે

કેન્દ્રીય બજેટમાં સરકાર મધ્યમ વર્ગને મોટી રાહત આપી શકે છે. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, આ રાહત આવકવેરામાં ફેરફારના સ્વરૂપમાં હોઈ શકે છે. બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. આ માટે જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ અને નિષ્ણાતોને પણ મળ્યા છે.

રોયટર્સે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે બજેટ દ્વારા બે પ્રકારના નિર્ણયો લઈ શકાય છે. પ્રથમ એ છે કે સરકાર આવકવેરા મુક્તિ મર્યાદા વધારી શકે છે. જ્યારે અન્યમાં સરકાર કાર કે મકાનની ખરીદી પર ટેક્સ ઘટાડીને રાહત આપી શકે છે. ગયા બજેટમાં સરકારે જૂની ટેક્સ સિસ્ટમમાં કોઈ ફેરફાર કર્યો ન હતો. પરંતુ, નવી સિસ્ટમ હેઠળ, પગારદાર કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન ૫૦







હજાર રૂપિયાથી વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવ્યું છે.

આનો અર્થ એ છે કે હાલમાં, વાર્ષિક ૭ લાખ રૂપિયા સુધીની કમાણી કરનારા લોકોને સ્ટાન્ડર્ડ ડિડક્શન પછી કોઈ ટેક્સ ચૂકવવો પડતો નથી. જો કે, મોંઘવારી અને અન્ય આર્થિક પાસાઓને ધ્યાનમાં રાખીને, લોકો માંગ કરી રહ્યા છે કે આવકવેરા મુક્તિ મર્યાદા વધારવી જોઈએ. તેવી જ રીતે અન્ય ટેક્સમાં પણ રાહત આપવાના નિર્ણયો લઈ શકાય છે.

રોઈટર્સ અનુસાર, સરકાર વાર્ષિક રૂ. ૧૦-૧૫ લાખ સુધીની કમાણી કરનારાઓ પર ટેક્સનો બોજ થોડો ઘટાડી શકે છે. હાલમાં, ૧૦-૧૫ લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવતા લોકો પાસે બે ટેક્સ સ્લેબ છે. જેમાં ૧૦-૧૨ લાખ રૂપિયાના સ્લેબમાં આવતા લોકો પર ૧૫ ટકા ટેક્સ લાગે છે અને ૧૨થી ૧૫ લાખ રૂપિયાના સ્લેબમાં આવતા લોકો પર ૨૦ ટકા ટેક્સ લાગે છે. તે જ સમયે, ૧૫ લાખ રૂપિયાથી વધુ આવકના સ્લેબમાં આવતા લોકો પર 30 ટકા આવકવેરો લાદવામાં આવે છે.

અર્થશાસ્ત્રીઓએ પણ સરકારને મોંઘવારીને ધ્યાનમાં રાખીને ૧૫ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક પર ટેક્સના દર ઘટાડવાની સલાહ આપી છે. હકીકતમાં, મોંઘવારીને કારણે મોટા શહેરોમાં રહેતા મોટાભાગના લોકો તેમની આવકનો મોટો હિસ્સો ઘર અને કારના ઊખઈમાં ચૂકવે છે. પછી બાળકોની શાળાની ફી, રાશન અને અન્ય મહત્વપૂર્ણ બાબતોમાં પણ ઘણા પૈસા ખર્ચવામાં આવે છે.

આના પર પણ તેઓ ઋણના રૂપમાં ટેક્સ ચૂકવે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને સરકાર આવકવેરામાં રાહત આપી શકે છે.


### રાજયના રમત – ગમત મંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓ, મહાનુભાવો અને ખેલાડીઓ ઉપસ્થિત રહેશે

# તા.૪ના રાજકોટ ખાતેથી રાજયકક્ષાના ખેલમહાકુંભ-૩.૦નો પ્રારંભ કરાવશે મુખ્યમંત્રી

## ૨૪થી વધુ સ્પર્ધાઓમાં રાજકોટ શહેર–જિલ્લાના ૨.૮૩ લાખ સહિત રાજયના ૭૧ લાખથી વધુ સ્પર્ધકો ભાગ લેશે

રાજકોટ,તા.૨૬

ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરીટી દ્વારા આગામી તા.૪ને શનિવારે સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટ ખાતેથી રાજયકક્ષાના ખેલ મહાકુંભ ૩.ઓનો પ્રારંભ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવનાર છે. આ અંગે રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓનો ધમધમાટ શરુ કરી દેવામાં આવેલ છે.



રાજયકક્ષાના આ ખેલ મહાકુંભ-૩.ઓ ઉદઘાટન સમારોહ રેસકોર્ષના એથ્લેટીક ગ્રાઉન્ડમાં રાજયના રમતગમત મંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો અને ખેલાડીઓ ઉપસ્થિત રહેનાર છે. ખેલ મહાકુંભ ૩.ઓની તૈયારીઓ માટે ગાંધીનગર સ્પોર્ટ્સ ઓથોરીટીના ઉચ્ચ અધિકારીઓએ પણ આજથી રાજકોટમાં ધામા નાંખી દીધા છે. ગાંધીનગર સ્પોર્ટ્સ ઓથોરીટીના કલેકટર કચેરી ખાતે ખાસ બેઠક યોજવામાં આવી છે.

રાજયકક્ષાના આ ખેલ મહાકુંભમાં રાજકોટ શહેર-જિલ્લામાં ૨.૮૩ લાખ સહિત રાજયના કુલ ૭૧ લાખ સ્પર્ધકો ૨૪થી વધુ સ્પર્ધાઓમાં ભાગ લેનાર છે. ખેલ મહાકુંભના ઉદઘાટન સમારોહમાં ૧૦૦૦થી વધુ સ્પર્ધકો ઉપસ્થિત રહેશે. આ અંગે રાજકોટ જિલ્લા અધિક કલેકટર આલોક ગૌતમે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે આ ખેલ મહાકુંભ માટે ખેલાડીઓને લાવવા લઈ જવા માટે એસટી વિભાગ દ્વારા ૧૦૦ જેટલી એકસ્ટ્રા બસ સર્વિસોનું સંચાલન કરવામાં આવશે. અધિક કલેકટર આલોક ગૌતમે જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભ ૩.ઓમાં દિવ્યાંગ ખેલાડીઓ સહિત રાજયના ૭૧ લાખથી વધુ સ્પર્ધકો ભાગ લેશે. આ ખેલ મહાકુંભનો ફાઈનલ સ્પર્ધા માર્ચ માસમાં યોજાશે. રાજયમાં રમત-ગમતના વિકાસ માટે તેમજ ખેલાડીઓની આંતરિક ક્ષતિઓ ઉજાગર કરવા માટે રાજય સરકાર દ્વારા વિશેષ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પણ જિલ્લાના ત્રણ તાલુકા મથકો પર રમતગમતના ગ્રાઉન્ડો વિકસાવવામાં આવી રહ્યા છે.

જેમાં રાજયસરકારની સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા હવે આગામી તા.૪ના રોજ રાજયકક્ષાના ખેલ મહાકુંભનો પ્રારંભ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવનાર હોય જિલ્લા વહીવટીતંત્ર અને રમતગમત વિભાગ દ્વારા આ અંગેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.



# રાજકોટમાં મોતના માચડા સમાન ચાલતી ટિપ્પરવાન ?!

## ટ્રાફિક શાખા ના જાંબાજ અધિકારી વાહન ચાલકો પાસેથી દંડ તો ઉઘરાવે છે પણ ટ્રાફિકના નિયમ ની એસીતેસી કરતા ટિપ્પરવાન કોન્ટ્રાક્ટરો ઉપર કાર્યવાહી ક્યારે કરશે??



હાલમાં રાજકોટ મહાનગરપાલિકાની ટિપ્પરવાન ઘરે–ઘરે કચરો એકત્ર કરવા ને બદલે ભંગાર માંથી લાખોની કમાણી કરી રહ્યા હોય તેમાં મોટાભાગની ટીપર વાનમાં બાળ મજૂરો બાળમજૂરી કરી રહ્યા છે ત્યારે  બાળ આયોગમાં પણ અનેક ફરિયાદો ઉઠી છે આવી ટિપ્પર વાનોંમાં એકપણ પ્રકારના ધારા ધોરણ પ્રમાણે હોતું નથી બ્રેક લાઈટ નંબરપ્લેટ કે ટેલલાઈટ દરવાજા પણ દોરીથી બાંધેલા હોય છે તો આવા કોન્ટ્રાક્ટરો પર ટ્રાફિક શાખા તથા આરટીઓ તંત્ર ક્યારે કાર્યવાહી કરશે એ જોવાનું રહ્યું

# ગોંડલ તાલુકા ભાજપ દ્વારા વીર બાલ દિવસની ઉજવણી કરવામાં આવી



જેતપુરઃ ગોંડલ તાલુકા ભાજપ દ્વારા વીર બાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ નું આયોજન જય સરદાર સ્કૂલ ખાતે આ કાર્યક્રમ ના રાજકોટ જિલ્લા ભાજપ ઇન્ચાર્જ રાજુભાઇ ગોંડલીયા અને સહ ઇન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકી ની વિષેશ ઉપસ્થિતિ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે તાલુકા ભાજપ ના નવ નિયુક્ત અને સતત બીજી વખત તાલુકા ભાજપના પ્રમુખ તરીકે નિયુક્ત થનાર અશ્વિનભાઈ ઠુંમર દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. આ તકે શહેર ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજા, ભાજપ અગ્રણી માવજીભાઈ શેખડા સહિત મોટી સંખ્યામાં બાળકો હાજર રહ્યા હતાં. આ કાર્યક્રમ ના વક્તા તરીકે શહેર ભાજપ મહામંત્રી અશોકભાઈ પરવાડીયા એ વીર બાલ દીવસ વિષે બાળકોને વિસ્તૃત મા વર્ણન કરી બાલ દીવસ વિષે પરાક્રમી વાતો કરી હતી. આ કાર્યક્રમ નું સફળ સંચાલન જય સરદાર સ્કૂલ ના સંચાલક દીપકભાઈ ઘોણીયા દ્વારા કરવામાં આવ્યુ હતું.

### અટલજીના જન્મ દિવસ અંતર્ગત અને સુશાસન દિવસ નિમિતે

# શહેર ભાજપ અને પશ્ચિમ મામલતદાર કચેરીના સહયોગ દ્વારા રેશનકાર્ડ e-KYCનો કેમ્પ યોજાયો

રાજકોટઃભારતના સ્વપનદષ્ટા પૂર્વ વડાપ્રધાન પરમશ્રધેય અને ભારત રત્ન અટલબિહારી વાજપાઈજીની ૨૫ ડિસેમ્બરના જન્મજયંતી અને ભારતીય જનતા પાર્ટી દ્વારા આ દિવસની સુશાસન દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવે છે. આ સુશાસન દિવસની નોખી અને અનોખી રીતે ઉજવણી થાય તેવા ઉમદા હેતુથી અને ખરેખર જરૂરીયાતમંદ લાભાર્થીઓને મદદરૂપ થઈ શકાય તે માટે ભારત સરકારની યોજના અનુસાર રેશનકાર્ડ અપડેટ કરવાનો e-KYC કેમ્પ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ અને પુજાબેન પટેલની આગેવાનીમાં યોજાયેલ હતો. જેમાં શહેર ભાજપ સોશીયલ મીડીયા સેલના રાજકોટ મહાનગરના સંયોજક હાર્દિક બોરડ અને શહેર આઈ.ટી.સેલના સહસંયોજક જય શાહ, સ્વામી વિવેકાનંદ યુવક બોર્ડના રાજકોટ મહાનગરના સંયોજક



શ્યામભાઈ ડાભી અને પશ્ચિમ મામલતદારશ્રી એ.એમ.જોષીસાહેબ તથા ઝોનલ ઓફીસર ધરમભાઈ વાઘેલા, નાયબ મામલતદાર લકીરાજસિંહ જાડેજા અને વિમલભાઈ પરમાર તેમજ પશ્ચિમ મામલતદાર કચેરીના સ્ટાફે આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

આ કેમ્પનું ઉદઘાટન સુશાસન દિવસ-અટલજી જન્મશતાબ્દી વર્ષની જેમને જવાબદારી સોપવામાં આવી છે તેવા રાજકોટ લોકસભાના પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા અને શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ દીપ પ્રાગટ્ય કરી આ e-KYC કેમ્પની શરૂઆત કરવામાં આવેલ હતી. જેમાં રાજકોટ શહેરમાંથી ૧૦૦૦ થી વધુ રેશનકાર્ડ e-KYC ના લાભાર્થીઓએ લાભ લીધો હતો અને તેમનું રેશનકાર્ડ અપડેટ કરાવેલ હતું. શહેર ભાજપ દ્વારા આયોજીત આ કાર્યક્રમની સુવિધા મળવાથી લાભાર્થીઓએ રાજીપો વ્યકત કર્યો હતો. આ રેશનકાર્ડ e-KYC કેમ્પમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, શહેર ભાજપ ઉપપ્રમુખ ડો.ચેતન લાલસેતા, રાજદીપસિંહ જાડેજા, શહેર ભાજપ મંત્રી વિજયભાઈ પાડલીયા, હરેશભાઈ કાનાણી, શિલ્પાબેન જાવીયા, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, શહેર મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા સહિતના ભાજપના કાર્યકર્તાઓ ખાસ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત શહેરના વિવિધ વોર્ડના કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રમુખ, મહામંત્રીશ્રીઓ તેમજ મહિલા મોરચો તેમજ વિવિધ મોરચા અને સેલના કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહયા હતા.

### હેમુ ગઢવી હોલ અને બાલભવન ખાતે

# ૨૭ ડિસેમ્બર થી ૧ જાન્યુઆરી સુધી યોજાનારો કલા મહાકુંભ

## વિવિધ ૮ સ્પર્ધાઓમાં ઝોન કક્ષાના કલાકારો તેમની કલા રજૂ કરશે




રાજકોટઃ ગુજરાત રાજ્યના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ રાજકોટ દ્વારા તા.૨૭ ડિસેમ્બરથી તા.૦૧ જાન્યુઆરી સુધી ઝોન કક્ષાએ કલા મહાકુંભ કાર્યક્રમનું આયોજન થશે. આ કાર્યક્રમમાં એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, ગરબા રાસ સહીત ૮ સ્પર્ધાઓ હેમુ ગઢવી હોલ અને બાલ ભવન ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં તા.૨૭/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૦૯ કલાકે એકપાત્રીય અભિનય સ્પર્ધા હેમુ ગઢવી હોલના મુખ્ય સ્ટેજ ખાતે યોજવામાં આવશે. આ સ્પર્ધામાં ૬ થી ૫૯ વર્ષની વયના સ્પર્ધકો ભાગ લેશે. તા.૨૮/૧૨/૨૦૨૪ના રોજ હેમુ ગઢવી હોલના મુખ્ય સ્ટેજ ખાતે સવારે ૯.30 કલાકથી ક્રમશઃ લોકનૃત્ય, ગરબા અને રાસ સ્પર્ધાનું આયોજન થશે. જેમાં ૬થી ૫૯ વર્ષના સ્પર્ધકો ભાગ લેશે. ઉપરાંત વકતૃત્વ સ્પર્ધામાં હેમુ ગઢવી નાટ્યગૃહમાં ઝોન નં. ૧,૨,૪ના મુખ્ય સ્ટેજ ખાતે સવારે ૮.30 વાગ્યે ૬થી ૧૪ વર્ષના સ્પર્ધકો, સવારે ૯.30 કલાકે ઝોન નં.3ના સ્ટેજ નંબર 3માં સવારે ૧૫થી ૨૦વર્ષના સ્પર્ધકો અને સવારે ૮.30 કલાકે ઝોન નં. ૫,૬,૭,૮ના મીની થીયેટર ખાતે ભાગ લેશે.

તા.૨૯/૧૨/૨૦૨૪ના રોજ ૬ થી ૨૦ વર્ષના સ્પર્ધકો માટે ભરત નાટયમ સ્પર્ધામાં સવારે ૯ કલાકે હેમુ ગઢવી નાટ્યગૃહના મુખ્ય સ્ટેજ અને હાર્મોનિયમ સ્પર્ધા હેમુ ગઢવી નાટ્યગૃહના મીની થીયેટર ખાતે ૬ થી ૫૯ વર્ષના સ્પર્ધકો ભાગ લેશે.

તા.30/૧૨/૨૦૨૪ના રોજ હેમુ ગઢવી નાટ્યગૃહના મુખ્ય સ્ટેજ ખાતે સવારે ૯ કલાકે સમૂહગીત સ્પર્ધામાં ૬ થી ૨૦ વર્ષના સ્પર્ધકો, ૧૦ કલાકે સુગમ સંગીત સ્પર્ધામાં ૬ થી ૫૯ વર્ષના સ્પર્ધકો, બપોરે ૨ વાગ્યે લગ્નગીત સ્પર્ધામાં ૬ થી ૫૯ વર્ષના સ્પર્ધકો ભાગ લેશે. તા.૩૧/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૯ કલાકે લોકગીત અને ભજન સ્પર્ધામાં હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતેના ઝોન નં.૧,૨,૩,૪ના મુખ્ય સ્ટેજ ખાતે ૬થી ૧૪ વર્ષના સ્પર્ધકો અને ઝોન નં. ૫,૬,૭,૮ના મીની થીયેટર ખાતે ૧૫થી ૫૯ વર્ષના સ્પર્ધકો ભાગ લેશે.તા.૦૧/૦૧/૨૦૨૫ના રોજ સવારે ૧૦ કલાકે બાલભવનના ઝોન નં. ૧થી ૪માં ૬થી ૧૪ વર્ષના સ્પર્ધકો અને બપોરે ૧ કલાકે ઝોન નં.૫થી ૮માં ૧૫થી ૨૦ વર્ષના સ્પર્ધકો નિબંધ અને ચિત્રકલા સ્પર્ધામાં સ્પર્ધકો ભાગ લેશે. તેમ, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેશ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ટી.પી.સિંચાઇ, હાઇવે સહિતના પ્રશ્નોની રજૂઆત




રાજકોટ,તા.૨૬

રાજકોટ જિલ્લાકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આજે કલેકટર કચેરી ખાતે કલેકટર કચેરીના સભા ખંડમાં કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતો.નવા ૭ પ્રશ્નો તેમજ ૮ પેન્ડીંગ પ્રશ્નોની સમીક્ષા કરવામા આવી હતી.

નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે, ત્યારે સ્થાનિક કક્ષાએ તાલુકા તેમજ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાય છે. આ ઉપરાંત, રાજ્ય સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ પણ મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાય છે.

ત્યારે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં ટી.પી. શાખાને લગતા પ્રશ્ન, સિંચાઈ વિભાગ માર્ગ અને મકાન વિભાગ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કચેરી, નેશનલ હાઈવે સહિતની કચેરીઓમાં રજૂ થયેલા પ્રશ્નોની સમીક્ષા જિલ્લા કલેકટરએ કરી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના તેમજ માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમા જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન સહિત સંબંધિત સરકારી ઊઅધિકારીઓઓ તેમજ અરજદારઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લામા સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે કરાયેલા બાંધકામો દૂર કરાવતું રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર

## લોધિકા તાલુકાના દેવગામ ગામ નજીકની સરકારી ખરાબાની અંદાજિત રૂ ૩ કરોડની કિંમતની સરકારી જમીન ખાલી કરાવાઈ




રાજકોટઃ રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા કોમર્શિયલ બાંધકામોનું ડિમોલીશન કરીને જગ્યાઓ દબાણમુક્ત કરવામાં આવી રહી છે.

જે અન્વયે રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના દેવગામ ગામે રાજકોટ-કાલાવડ મેઈન રોડ ઉપર આવેલ સરકારી ખરાબાની જમીન રેવન્યુ સ.નં.૪૦ અને સ.નં.૮૧ ની જમીન આશરે ૨૫૦૦ ચો.મી. માં જુદી-જુદી કુલ-૪ હોટેલ કરી અનઅધિકૃત દબાણ કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ. ૩ કરોડની કિંમતની ૨૫૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન ખાલી કરાવવામાં આવી છે.

આ જગ્યાના દબાણકર્તાઓને અગાઉ પણ નોટીસ પાઠવવામાં આવી હતી. અનઅધિકૃત કબ્જો ખાલી કરવા ૭ દિવસથી વધુ સમય પણ આપવામાં આવ્યો હતો, પરંતુ તેઓએ ધ્યાને ન લેતાં ગેરકાયદે થયેલા આ તમામ બાંધકામોને ખાલી કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. ખાલી કરાયેલી જમીન પર ફરીવાર દબાણ ના થાય તે માટે આ જમીનના ફરતે ફેન્સિંગ કરવામાં આવશે. તેમ લોધિકા મામલતદારશ્રીની યાદીમાં જણાવાયું છે.આ સમયે નાયબ મામલતદારશ્રીઓ, રેવન્યુ વીભાગના કર્મચારીઓ, પોલીસ, ફાયર અને પી.જી.વી.સી.એલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કુલ ૯૭ આસામીઓ પાસેથી ૪.૧૪૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી

## તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૪૫૦નો વહીવટી ચાર્જ વસુલ

રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૩/૧૨/૨૦૨૪ થી ૨૪/૧૨/૨૦૨૪ એમ કુલ ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૨૩/૧૨/૨૦૨૪ થી ૨૪/૧૨/૨૦૨૪ એમ કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૯૭ આસામીઓ પાસેથી ૪.૧૪૫ કી.ગ્રા.



પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૪૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૫ આસામીઓ પાસેથી ૦.૮૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૬૨૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૧ આસામીઓ પાસેથી ૦.૯૭૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૯૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૧ આસામીઓ પાસેથી ૨.૩૨ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૧૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રીની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેક્ટર/ સેનેટરી સબ ઈન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવેલ.

# બાઈક સ્લીપ થતા દંપતિ કેનાલમાં પડી જતા, પતિનો બચાવ પત્નીનું મોત



જેતપુરઃજેતપુર તાલુકાના થાણાગાલોળ ગામે કેનાલના રસ્તે આવેલ વાડીએ જતા દંપતીનું બાઈક સ્લીપ થઈ જતા પતિ પત્ની બને કેનાલમાં પડી જતા દંપતી ખંડિત થયું હતું.

બનાવની વિગતો મુજબ હાલ સુરત રહેતા અને મૂળ થાણાગાલોળ ગામના વતની ગોપાલભાઈ ઉંધાડ તેમજ તેમના પત્ની રંજનબેન સાથે વતન આવેલ જે આજે બપોરે તેમની વાડીએ બાઈક પર કેનાલના રોડ પર જઈ રહેલ હતા. પરંતુ કેનાલમાં રોડ પથરાવ હોય જેમના કારણે બાઈક સ્લીપ થતા બને દંપતી કેનાલમાં પડી જતા,ગોપાલભાઈ ઉંધાડ કોઈ પણ ભોગે બહાર નીકળી ગયેલ પરંતુ તેમના પત્ની રંજનબેન કેનાલના પાણીમાં ગરકાવ થઈ જતા તમેને ગોપાલભાઈ એ બહાર કાઢવાની કોશિશ કરેલી પરંતુ કેનાલના પાણીના પ્રવાહમાં તણાયા હતા. ત્યારબાદ ગ્રામજનોને જાણ કરતા ઘટના સ્થળે ગ્રામજનો પહોંચ્યા હતા.ત્યાર બાદ જેતપુર નગરપાલિકાના ફાયર ફાઈટરની ટીમ દ્વારા તમેને થોડે દૂરથી મળ્યા હતા તમેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ પરંતુ હાજર પરના ડોક્ટર મૃત જાહેર કરેલ આમ દંપતી ખંડિત થયું હતું.

દર વર્ષે કેનાલમા અનેકના મોત નીપજતા હોય છે. ત્યારે આ વર્ષે રંજનબેનનો ભોગ લેવાયો.કેનાલ પરના ઉબડખાબડ રસ્તા ના કારણે ખેડૂતો પણ પરેશાન જોવા મળી રહ્યા છે પરંતુ તંત્રની ઊંઘ ઊડતી નથી. તાકીદે આ રસ્તો રીપેર કરવામાં આવે તેવો ખેડૂતોએ માંગ કરી છે.

# અગ્નિકાંડ કેસમાં મનપાના સસ્પેન્ડેડ ATPO ગૌતમ જોશીએ કોર્ટમાં ડિસ્ચાર્જ અરજી કરી

રાજકોટ, તા.૨૬

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસમાં મનપાના સસ્પેન્ડેડ એટીપીઓ ગૌતમ દેવશંકર જોશીએ રાજકોટ સેશન્સ કોર્ટમાં ડિસ્ચાર્જ અરજી કરી છે. આ અગાઉ ચાર્જફ્રેમ થાય તે પહેલા સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ સાગઠીયા સહિત ત્રણ અધિકારીએ બિન તોહમત છોડી મુકવા અરજી કરી છે.સમગ્ર વિગત જોઈએ તો, તા.૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા ૨૭ લોકોના મોત થયા હતા અને ત્રણેક લોકોને ઈજા થઇ હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો છે.



જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો (૧) ધવલ ભરત ઠક્કર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસવે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, (૩) કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, (૪) પ્રકાશચંદ કધહેયાલાલ હીરન, (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, (૬) રાહુલ લલિત રાઠોડ, ગેમઝોન મેનેજર (૭) નીતિન મહાવીરપ્રસાદ લોઢાજૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર (૮) મનસુખ ધનજી સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ (૯) ગૌતમ દેવશંકર જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ (૧૦) મુકેશ રામજી મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર (૧૧) રોહીત આસમલ વિગોરા, ટીપી શાખાના આસિસ્ટન્ટ એન્જીનીયર (૧૨) જયદીપ બાલુ ચૌધરી (૧૩) રાજેશ નરશી મકવાણા, ચીફ ફાયર ઓફિસર (૧૪) ઈલેશ વાલા ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (૧૫) ભીખા જીવા ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર (૧૬) મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો હતો. જેમાં અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ કધહેયાલાલ હીરનનું મોત થયું હતું. જેથી બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે કરાયા હતા. હાલ તમામ આરોપી જેલમાં જ છે.આ કેસમાં ચાર્જશીટ થયા બાદ સેશન્સ અદાલતમાં ગઇ તા. ૧૯ના રોજ સસ્પેન્ડેડ ટી.પી.ઓ. સાગઠીયા, એ.ટી.પી.ઓ. મુકેશ મકવાણા અને આસી. એન્જીનિયર જયદીપ ચૌધરીએ કેસમાં ચાર્જફ્રેમ થાય તે પહેલા ડિસ્ચાર્જ અરજીઓ કરી હતી. અન્ય આરોપીઓ પણ પોતાની સામેનું તહોમત પડકારી કેસ ચાર્જફ્રેમ થાય તે પહેલા ડિસ્ચાર્જ અરજીઓ લાવી કેસ લંબાવવા કોશિશ ન કરે.

તે ધ્યાને લઇ કોર્ટે ડિસ્ચાર્જ અરજી કરવા માંગતા અન્ય આરોપીઓને તા. ૨૬મી ડિસેમ્બર સુધીમાં અરજી કરવા મૌખિક આદેશ કર્યો હતો. ત્યારે મનપાની ટીપી શાખાના ચોથા અધિકારી એટીપીઓ ગૌતમ દેવશંકર જોષીએ પણ ડિસ્ચાર્જ અરજી કરી છે.

# પેડક રોડની પટેલ પાર્ક સોસાયટીનો એપ્રોચ રસ્તો ખોલી આપવા ફરી કમિશ્નરને રજુઆત



રાજકોટ, તા. ૨૬

સામા કાંઠે પેડક મેઈન રોડ પર આવેલ પટેલ પાર્ક સોસાયટીના લોકોએ આજે ફરી તેમની સોસાયટીને લાગુ મુખ્ય રસ્તાને (એપ્રોચ) ખોલાવી આપવા મ્યુનિ. કમિશ્નરને રજુઆત કરી છે. વિસ્તારના લોકોએ ફરી રજુઆતમાં જણાવ્યું છે કે, ટીપી-૮માં એફ.પી.નં. ૧૮૫ પૈકીની જમીનમાં પટેલ પાર્ક સોસાયટી આવેલી છે.

કાયદેસરના પ્લોટ એલોટમેન્ટ સાથે સૂચિત પ્લોટમાં પણ રહેણાક મકાનો બનાવેલા છે. ઈમ્પેકટ ફીના આધારે માલિકીની સનદો પણ મામલતદાર દ્વારા અપાઈ ચૂકી છે. આ જમીનમાં આવવા જવા માટેનો કાયમી રસ્તો સેટેલાઇટ ચોકથી બી ડીવીઝન પોલીસ સ્ટેશન તરફ જતા ડાબી બાજુએ આવે છે.

આ સોસાયટીનો મુખ્ય રસ્તો કાયમી ખુલ્લો રાખવા કાર્યવાહી કરવાની જરૂર છે. સાથે જ ડામર રોડની સુવિધા પણ લોકો રાહ જુએ છે. હાલમાં કે ભવિષ્યમાં પણ રસ્તામાં કે સોસાયટીના લોકોને અવરજવરમાં અડચણ ન થાય તે રીતે પ્લાન અને બાંધકામ પ્રક્રિયાની મંજુરી આપવા પણ કમિશ્નરને રજુઆત કરવામાં આવી છે.

# શેરબજારમાં રોકાણકારોની સંખ્યા વધીને ૧૧ કરોડની નજીક પહોંચી

## મહારાષ્ટ્રમાં સૌથી વધુ રોકાણકારો ગોવા, ચંદીગઢ અને મિઝોરમમાં મહિલા રોકાણકારોનો કુલ હિસ્સો 30 ટકાથી વધુ

અમદાવાદ દેશમાં શેરબજારમાં લોકોનો રસ ઝડપથી વધી રહ્યો છે. શેરબજારોમાં લોકોની વધતી જતી રુચિને કારણે માર્કેટમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા ૧૧ કરોડની નજીક પહોંચી ગઈ છે. ઓગસ્ટ ૨૦૨૪માં આ સંખ્યા લગભગ ૧૦ કરોડ અને આ વર્ષે ફેબ્રુઆરીમાં ૯ કરોડ હતી.માહિતી અનુસાર, નવેમ્બરના અંતમાં દેશના સૌથી મોટા એક્સચેન્જ નેશનલ સ્ટોક એક્સચેન્જમાં નોંધાયેલા રોકાણકારોની કુલ સંખ્યા (યુનિક પાન નંબર) ૧૦.૭ કરોડ હતી.



એકલા મહારાષ્ટ્રમાં ૧૬.૫ ટકા (૧.૭૭ કરોડ) નોંધાયેલા રોકાણકારો છે. જોકે, માર્ચ ૨૦૧૫માં તેનો હિસ્સો ઘટયો છે. જો સમગ્ર રાજ્યમાં રોકાણકારોનું મોટા પાયે વિતરણ સૂચવે છે. તે જ સમયે, ઉત્તર પ્રદેશ એકમાત્ર બીજું રાજ્ય છે જેમાં એક કરોડથી વધુ નોંધાયેલા રોકાણકારો છે. છેલ્લા કેટલાક મહિનામાં તે નવા રોકાણકાર નોંધણી ચાર્ટમાં પણ આગળ છે.

આ ઉપરાંત યુવા રોકાણકારો પણ બજાર તરફ આકર્ષાઈ રહ્યા છે. જો વયની દ્રષ્ટિએ જોવામાં આવે તો, કુલ નોંધાયેલા રોકાણકારોમાં, 30 વર્ષથી નીચેના રોકાણકારોના આધારમાં લોકોનો હિસ્સો ૪૦ ટકા છે. માર્ચ ૨૦૧૯માં તે માત્ર ૨૨.૬ ટકા હતો.

# ચાલુ માસમાંજ ત્રણ મિલ્કતોનો કબ્જો લેતા શહેરનાં પુર્વ મામલતદાર

## આજરોજ પણ બાકી બેન્ક લોનનાં કિસ્સામાં દૂધસાગર રોડ ઉપર ફલેટનો કબ્જો લેવાયો

રાજકોટઃબાકી બેન્ક લોનનાં કેસોમાં રાજકોટ જિલ્લા કલેકટરે મામલતદારોને ધડાધડ બાકીદારોની મિલ્કતોનો કબ્જો લેવા આદેશ કર્યા છે. આ આદેશનાં પગલે રાજકોટ શહેર પુર્વ મામલતદાર તંત્રએ ચાલુ માસમાં આજ સુધીમાં ત્રણ મિલ્કતોનો કબ્જો લીધો છે. દરમ્યાન આજરોજ પણ પુર્વ મામલતદાર તંત્રએ દૂધસાગર રોડ ઉપર એક ફલેટનો કબ્જો લીધો હતો.

આજરોજ રાજકોટ કલેકટર પ્રભવ જોશી અને પ્રાંત અધિકારી રાજકોટ શહેર -૧ ના માર્ગદર્શન હેઠળ મામલતદારશ્રી એસ. જે. ચાવડા, મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) ની સૂચના મુજબ સત્યમ શેરસીયા, સર્કલ ઓફિસર દ્વારા ધી સિક્યુરાઈઝેન એક્ટ હેઠળ મિલકત નો કબ્જો લીધો હતો.

આ માટેની નોટિસ તારીખ-૦૫/૧૨/૨૦૨૪ ડી. આર. પુરોહિત, નાયબ મામલતદાર દ્વારા તૈયાર કરી મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) ની સહી કરી બજવેલ હતી. પિરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ દ્વારા મુસ્તાકભાઈ મહંમદભાઈ હેમનાણી અને રેશમાબેન મુસ્તાકભાઈ હેમનાણી ની રાજકોટ શહેરના દૂધસાગર રોડ ઉપર વોર્ડ નંબર ૧૨ સીટી સર્વે નંબર ૪૭૭૮, રાજકોટના રેવન્યુ સર્વે નંબર ૧૭૨ પૈકી, ટીપી સ્કીમ નંબર ૭, ઓરીજનલ પ્લોટ નંબર ૮૨, ફાઇનલ પ્લોટ નંબર ૧૯ની જમીન ચો.મી. ૭૫૨.૭ ઉપર આવેલ ‘‘રબ્બાની કોમ્પલેક્ષ‘‘ નામની બિલ્ડીંગના ત્રીજા માળ ઉપર આવેલ ફ્લેટ નંબર ૨૧૮ કે જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૪૮.૨૦ સુપર બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૬૬-૬૨ ક્ષેત્રફળવાળા ફ્લેટ કે જે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર.-૧૬૭૫૧, તા. ૦૧-૧૧-૨૦૦૭ થી મુસ્તાકભાઈ મહંમદભાઈ હેમનાણીના નામે આવેલ છે.

તે મિલકત કબજો આજરોજ ધી સિક્યુરાઈઝેન એક્ટ હેઠળ લઈ પિરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારીને કબજો સોપવામાં આવ્યો હતો. મિલકત ઉપર તા. ૩૧/૦૩/૨૦૧૬ સુધીની બાકી પડતી લહેણી રકમ રૂ. ૧,૫૮,૩૬૦=૦૦ પૈસા અને ત્યારબાદના ચડત વ્યાજની રકમની વસુલાત માટે કબજો લેવામાં આવ્યો હતો.

# યુનાઈટેડ ક્રિશ્ચન ટ્રસ્ટ રાજકોટ દ્વારા આઈપીમિશન સ્કુલ થી રેલી યોજવામાં આવી

યુનાઈટેડ ક્રિશ્ચન ટ્રસ્ટ રાજકોટ દ્વારા આઈપીમિશન સ્કુલ થી રેલી યોજવામાં આવી હતી. રેલી સંપન્ન કર્યા બાદ CNI church (આઈ પી મિશન સ્કુલ ની બાજુ માં) ક્રિશ્ચન સમાજના તેજસ્વી સ્ટુડન્ટો નું સન્માન કરાવામાં આવ્યું હતું . ધારા સભ્ય શ્રી મોહનભાઈ કોકણી જે ક્રિશ્ચન સમાજના પ્રથમ BJP ધ્યારા ના ધારાસભ્ય નું ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. સાથોસાથ મુખ્ય અતિથિ મેહમાનો ને પણ સન્માનિત કરવામાં આવ્યો હતો.








તસવીરઃ આનંદ સોમૈયા





ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

માણસોના મોટા ભાગના દુઃખ ખોટા લોકો પાસેથી આશા રાખવા ને લીધે હોય છે, અને બાકીના સાચા લોકો પર રાખેલી ખોટી શંકાને લીધે હોય છે.

કર્મો પ્રત્યે સદા સજાગ રહીએ..

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ઘો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...





**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**



મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા


**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**



# 98983 17826

**અને જોડાઇ જાવ અમારી સાથે...**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062